સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK **30** (24/07/22 to 30/07/22)



સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)












JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**24 JULY-2022**


- દિવસ મહિમા : 24 જુલાઈ, આવકવેરા દિવસ (Income Tax Day) ... 02
- સુશ્રી પીવી સિંધુએ સિંગાપોર ઓપનનો ખિતાબ જીત્યો ... 02
- ગુજરાત પોલીસે e-FIR સિસ્ટમ શરૂ કરી ... 03
- લમ્પી સ્કીન ડિસીઝ (Lumpy Skin Disease) ... 04
- QUESTION ANSWERS ... 06


**25 JULY-2022**


- મંકીપોક્સ (Monkeypox) ... 07
- 68th National Film Awards 2022 ... 08
- વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ : શ્રી નીરજ ચોપરાએ સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો ... 10
- QUESTION ANSWERS ... 11


**26 JULY-2022**


- દિવસ મહિમા : 26 જુલાઈ, કારગિલ વિજય દિવસ ... 12
- India's Bioeconomy Report 2022 ... 12
- કારાકોરમ વિસંગતતા (Karakoram Anomaly) ... 13
- QUESTION ANSWERS ... 14


**27 JULY-2022**


- ભારતની ધ્વજ સંહિતા (Flag Code of India) ... 15
- વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ- 2022 ... 19
- QUESTION ANSWERS ... 21


**28 JULY-2022**


- દિવસ મહિમા : 28 જુલાઈ, વિશ્વ હેપેટાઈટિસ દિવસ (World Hapatitis Day) ... 22
- ભારતની 5 નવી રામસર સાઈટ્સ ... 22
- શ્રી ઈન્દરમીત ગિલ વર્લ્ડ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી બન્યા ... 23
- Family Courts (Amendment) Bill, 2022 ... 25
- QUESTION ANSWERS ... 26


**29 JULY-2022**


- દિવસ મહિમા : 29 જુલાઈ, આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ (International Tiger Day) ... 27
- Coffee Promotion Bill ... 28
- કૃષિ જનગણના (કૃષિ વસતી ગણતરી) ... 30
- QUESTION ANSWERS ... 32


**30 JULY-2022**


- દિવસ મહિમા : 30 જુલાઈ, આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ (International Friendship Day), માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ (World Day Against Trafficking in Persons) ... 33
- સ્વસ્થ પર્યાવરણને 'માનવ અધિકાર' તરીકે જાહેર કરવામાં આવ્યું ... 33
- ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX) ... 34
- QUESTION ANSWERS ... 36

ONE LINER ... 37

QUESTION OF THIS WEEK ... 42


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 જુલાઈ, આવકવેરા દિવસ (Income Tax Day)




ભારતમાં દર વર્ષે 24 જુલાઈના રોજ 'આવકવેરા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 24 જુલાઈ, 1860ના રોજ સર જેમ્સ વિલ્સન દ્વારા ભારતમાં આવકવેરાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- જોકે, એ સમયે 1857ના ભારતના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામમાં થયેલા નુકશાનની ભરપાઈ માટે ભારતમાં Income Tax લાદવામાં આવ્યો હતો.
- આ ઘટનાને વર્ષ 2010માં 150 વર્ષ પૂર્ણ થયા હતા.
- આથી, આ દિવસની યાદમાં ભારત સરકારના ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા 24 જુલાઈ, 2010થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ અંતર્ગત વર્ષ 2010થી ભારતમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

નોંધ : (1) સ્કોટલેન્ડમાં જન્મેલા સર જેમ્સ વિલ્સનને ભારતમાં બજેટ અને Income Tax સિસ્ટમના જનક માનવામાં આવે છે.

(2) વર્ષ 2022માં ભારતમાં 162માં 'આવકવેરા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

## સુશ્રી પીવી સિંધુએ સિંગાપોર ઓપનનો ખિતાબ જીત્યો



તાજેતરમાં Singapor Open 2022માં ચીનની સુશ્રી વાંગ ઝી યીને હરાવીને ભારતના સ્ટાર બેડમિન્ટન ખેલાડી સુશ્રી પી.વી.સિંધુએ 'સિંગાપોર ઓપન 2022'નો ખિતાબ પોતાના નામે કર્યો છે.

- સુશ્રી પી.વી.સિંધુએ સિંગાપોર ઓપનની ફાઈનલમાં સુશ્રી વાંગ ઝી યીને 21-9, 11-21, 21-15 થી હરાવીને આ ટાઈટલ મેળવ્યું હતું.
- સુશ્રી પી.વી.સિંધુનું આ પ્રથમ 'સુપર 500' ટાઈટલ છે.
- આ અગાઉ આ વર્ષમાં તેમણે સૈયદ મોદી ઈન્ટરનેશનલ અને સ્વિસ ઓપનમાં બે સુપર 300 ખિતાબ જીત્યા હતા.
- સિંગાપોર ઓપન જીતનાર તેઓ ત્રીજા ભારતીય ખેલાડી છે, આ પહેલા સુશ્રી સાઈના નહેવાલ 2010 અને શ્રી સાઈ પ્રણીતે 2017માં આ ખિતાબ પર જીત મેળવી હતી.

નોંધ : (1) સિંગાપોર ઓપન એ બેડમિન્ટન ઈવેન્ટ છે જે સિંગાપોરમાં વર્ષ 1929થી દર વર્ષે યોજાય છે.

(2) બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન દ્વારા આ ટુર્નામેન્ટને સાત BWF 500 ઈવેન્ટ્સમાંની એક તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે.

(3) આ ટુર્નામેન્ટનું આયોજન સિંગાપોર બેડમિન્ટન એસોસિએશન દ્વારા કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ગુજરાત પોલીસે e-FIR સિસ્ટમ શરૂ કરી

ગુજરાત સરકારે મોબાઈલ કે ટુ વ્હીલર ચોરી જેવા ગુનાઓ માટે e-FIR સેવા શરૂ કરી છે.




- આ અંતર્ગત કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાત પોલીસ e-FIR એપ્લિકેશનનું રાજયવ્યાપી લોન્ચિંગ કર્યુ હતું.
- ડિજિટલ ગવર્નન્સ તરફ એક પગલું ભરતા રાજ્યમાં 'e-FIR સિસ્ટમ' શરૂ કરવામાં આવી છે.
- ઈ–ગવર્નન્સ પહેલ અને e-FIR સિસ્ટમ 'ઈ–ગુજકોપ પ્રોજેક્ટ' (e-GujCop Project)ના ભાગરૂપે શરૂ કરવામાં આવી છે.
- આ પગલાનો મુખ્ય ઉદ્દેશ ઉલ્લેખિત ઘટનાઓને ઝડપથી ઉકેલવાનો છે.

## e-FIR સિસ્ટમ

હવે મોબાઈલ કે ટુ વ્હીલર ચોરીની ફરિયાદ માટે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી.

- ગુજરાત પોલીસની સિટીઝન પોર્ટલ અથવા સિટીઝન ફર્સ્ટ મોબાઈલ એપથી ગમે ત્યાંથી ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકાશે.
- ફરિયાદીની કોપી પણ એપ્લિકેશન પરથી મળશે.
- ગુજરાત પોલીસ e-FIR નોંધ્યાના પ્રથમ 48 કલાકમાં ફરિયાદીનો સંપર્ક કરશે અને સ્થળની મુલાકાત લેશે.
- ઓનલાઈન ફરિયાદ નોંધાયા અંગેની તથા તપાસમાં થયેલી પ્રગતિની જાણ પણ ફરિયાદીને ઈમેલ કે SMS દ્વારા કરવામાં આવશે.
- જેથી ફરિયાદીને વીમા ક્લેઈમ સરળતાથી મેળવવામાં મદદરૂપ થશે.
- પોલીસ 21 દિવસમાં તપાસ પ્રક્રિયા પૂર્ણ કરશે, જે બાદ સ્ટેટ્સ રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.
- આમ નાગરિકોને મોબાઈલ ચોરી જેવા સામાન્ય ગુનાઓ માટે FIR નોંધવા પોલીસ સ્ટેશન જવાની ફરજમાંથી મુક્તિ મળશે.

નોંધ : (1) e-FIR સિસ્ટમ હાલમાં ઓનલાઈન મોડમાં પોલીસ સંબંધિત 16 સેવાઓ પૂરી પાડી રહી છે.

(2) આ સેવાઓમાં વરિષ્ઠ નાગરિકોની નોંધણી, ઘરેલું નોકર, ભાડૂતો અથવા મિલકત નોંધણી, પોલીસ NOC અને ગુમ થયેલ વ્યક્તિનો રિપોર્ટ વગેરેનો સમાવેશ થાય છે.

(3) ચોરાયેલ ટુ–વ્હીલરને ઓળખવા માટે પોલીસ e-FIR સિસ્ટમને ગુજરાત રાજ્ય પોલીસ e-FIR કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર સાથે સિંક્રિનાઈઝ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લમ્પી સ્કીન ડિસીઝ (Lumpy Skin Disease)



તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના પશુધનમાં જોવા મળેલા લમ્પી સ્કીન ડિસીઝની પ્રવર્તમાન સ્થિતિની ઉચ્ચસ્તરીય સમીક્ષા ગાંધીનગરમાં બેઠક યોજીને કરી હતી.

- રાજ્યના જે 15 જિલ્લાઓના પશુધનમાં આ રોગના કેસો નોંધાયા છે તે જિલ્લાઓમાં અસરગ્રસ્ત ગામની પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં આવતા ગામોના પશુઓને વિનામૂલ્યે વ્યાપક રસીકરણ માટે સૂચનાઓ આપી હતી.
- આ ઉપરાંત આ રોગ હવે વધુ ન ફેલાય તે માટે અસરગ્રસ્ત વિસ્તારમાં તમામ જરૂરી નિયંત્રણના પગલાં લેવા તેમણે માર્ગદર્શન આપ્યું હતું.
- આ રોગ જામનગર, કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, બોટાદ, ગીર સોમનાથ, બનાસકાંઠા, સુરત અને પાટણ જિલ્લાના 1126 થી વધુ ગામોમાં જોવા મળ્યો છે.
- હાલમાં આ જિલ્લાઓમાં લગભગ 42,000 થી વધારે પશુઓ રોગચાળાથી અસરગ્રસ્ત થયા છે.

### લમ્પી સ્કીન ડિસીઝ રોગ શું છે ?

લમ્પી સ્કીન ડિસીઝ એ ગાય અને ભેંસ વર્ગના પશુઓમાં જોવા મળતો વાયરસ જન્ય રોગચાળો છે.

- લમ્પી સ્કીન ડિસીઝ (LSD) એ પશુઓમાં થતો ચેપી રોગ છે, જે પોક્સવિરીડે (Poxviridae) પરિવારના વાયરસના કારણે થાય છે.
- જેને નીથલિંગ વાયરસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

### લક્ષણો

તે પશુના સમગ્ર શરીરમાં ખાસ કરીને માથા, ગરદન, અંગો, આંચળ (માદા પશુઓની સ્તનધનરી ગ્રંથી) અને ગુપ્તાંગની આસપાસ બે થી પાંચ સેન્ટિમીટર વ્યાસના ગઠ્ઠા તરીકે દેખાય છે.

- આ ગાંઠ પાછળથી ધીમે ધીમે મોટા અને ઊંડા ઘાવનું રૂપ ધારણ કરે છે.
- અન્ય લક્ષણોમાં સામાન્ય અસ્વસ્થા, પાણી વાળી આંખો અને નાક, તાવ અને દૂધ ઉત્પાદનમાં અચાનક ઘટાડો શામેલ છે.
- આ ઉપરાંત પ્રાણીઓ ખાવાનું બંધ કરે છે અને ચાવતા અથવા ખાતી વખતે સમસ્યાઓનો સામનો કરે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પ્રભાવ

ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) અનુસાર આ રોગના કેસોમાં મૃત્યુદર 10% કરતા ઓછો છે.

## રોગનો ફેલાવો

તે પ્રાણીઓની લાળ, દુષિત પાણી અને ખોરાક, મચ્છર, માખીઓ અને ઈતરડી વગેરે આ રોગના જંતુઓનો ફેલાવો કરવા માટે મહત્વનો ભાગ ભજવે છે.

## સારવાર

વાયરસ માટે કોઈ સારવાર નથી આથી રસીકરણ દ્વારા નિવારણ એ નિયંત્રણનું સૌથી અસરકારક માધ્યમ છે.

- પરંતુ પશુઓની ભુખ ખોલવા માટે વિટામીનની સારવાર આપી શકાય છે.
- નબળાઈ ધરાવતા પ્રાણીને પ્રવાહીના બાટલા ચડાવવાથી ફાયદારૂપ થાય છે.
- ગાંઠના ઝખમની સારવારમાં પ્રતિજીવાણુ મલમ કે પાવડરનો ઉપયોગ કરી શકાય છે.
- આ ઉપરાંત ત્વચાના ગૌણ ચેપની સારવાર બિન–સ્ટીરોડલ બળતરા વિરોધી દવાઓ અને એન્ટિબાયોટિક્સથી કરી શકાય છે.

## વૈશ્વિક ફેલાવો

લમ્પી સ્કીન ડિસીઝ રોગ એ આફ્રિકા અને પશ્ચિમ એશિયાના ભાગોમાં સ્થાનિક રોગ છે, જ્યાં પ્રથમ વખત વર્ષ 1929માં લક્ષણો જોવા મળ્યા હતા.

- જુલાઈ 2019માં દક્ષિણ પૂર્વ એશિયા (બાંગ્લાદેશ)માં આ રોગનો પ્રથમ કેસ નોંધાયો હતો.
- ભારતમાં તેનો પ્રથમ કેસ મે 2019માં ઓડિશાના મયુરભંજમાં નોંધાયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** ભારતમાં 'આવકવેરા દિવસ' અથવા તો 'ઈન્કમ ટેક્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 જુલાઈ (B) 23 જુલાઈ (C) 24 જુલાઈ (D) 25 જુલાઈ **(C)**

**2.** 24 જુલાઈ, 1860ના રોજ ભારતમાં કોના દ્વારા આવકવેરાનો પ્રારંભ થયો હતો ?

(A) સર જેમ્સ વિલિયમ્સ (B) સર હેનરી ફોર્ડ

(C) સર જ્હોન વિલિયમ્સ (D) સર જેમ્સ વિલ્સન **(D)**

**3.** તાજેતરમાં કઈ ભારતીય બેડમિન્ટન ખેલાડીએ 'સિંગાપોર ઓપન 2022'નો ખિતાબ જીત્યો છે ?

(A) સુશ્રી પી.વી.સિંધુ (B) સુશ્રી સાઈના નહેવાલ

(C) સુશ્રી અંકિતા રૈના (D) સુશ્રી જ્વાલા ગુટ્ટા **(A)**

**4.** તાજેતરમાં ગુજરાત સરકારે મોબાઈલ કે ટુ વ્હીલર ચોરી જેવા ગુનાઓ માટે e-FIR સેવા શરૂ કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ગુજરાત પોલીસની સિટીઝન પોર્ટલ અથવા સિટીઝન ફર્સ્ટ મોબાઈલ એપથી ગમે ત્યાંથી ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકાશે.
2. આ અંતર્ગત ગુજરાત પોલીસ e-FIR નોંધ્યાના પ્રથમ 48 કલાકમાં ફરિયાદીનો સંપર્ક કરશે અને સ્થળની મુલાકાત લેશે.
3. પોલીસ 21 દિવસમાં તપાસ પૂર્ણ કરશે, જે બાદ સ્ટેટ્સ રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

**4.** તાજેતરમાં સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં 'લમ્પી સ્કીન ડિસીઝ' (**Lumpy Skin Disease**) રોગ ફાટી નિકળ્યો છે. આ રોગ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. લમ્પી સ્કીન ડિસીઝ એ ગાય અને ભેંસ વર્ગના પશુઓમાં જોવા મળતો વાયરસજન્ય રોગ છે.
2. તે પોક્સવિરીડે (**Poxviridae**) પરિવારના વાયરસને કારણે થાય છે.
3. તે પશુના સમગ્ર શરીરમાં ખાસ કરીને માથા, ગરદન, અંગો, આંચળ અને ગુપ્તાંગની આસપાસ બે થી પાંચ સેન્ટિમીટર વ્યાસના ગઠ્ઠા તરીકે દેખાય છે.
4. તે પ્રાણીઓની લાળ, દુષિત પાણી અને ખોરાક, મચ્છર, માખીઓ અને ઈતરડી આ રોગના જંતુઓનો ફેલાવો કરવા માટે મહત્વનો ભાગ ભજવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મંકીપોક્સ (Monkeypox)



મે 2022 થી 75 દેશોમાં મંકીપોક્સના 16,000 થી વધુ કેસોની ઓળખ કરવામાં આવી છે.

- તાજેતરમાં WHOએ મંકીપોક્સના રોગચાળાને, 'આંતરરાષ્ટ્રીય ચિંતાની જાહેર આરોગ્ય ઈમરજન્સી' (Public Health Emergency of International Concern- PHEIC) જાહેર કરી છે.
- હાલમાં યુરોપીયન ક્ષેત્રમાં મોટાભાગના કેસ નોંધાઈ રહ્યા છે.
- WHOએ જૂન 2022માં મંકીપોક્સ PHEIC છે કે નહીં તેનો અભ્યાસ કરવા માટે એક સમિતિની રચના કરી હતી.
- છેલ્લી વખત WHOએ કોવિડ– 19 માટે 2022માં PHEIC જાહેર કર્યુ હતું.

### મંકીપોક્સ

મંકીપોક્સ એ એક દુર્લભ વાયરલ ઝૂનોટિક રોગ છે, જે મંકીપોક્સ વાયરસના ચેપના કારણે થાય છે.

- તે શીતળા જેવા લક્ષણો ધરાવે છે, જોકે તબીબી રીતે ઓછું ગંભીર છે.
- મંકીપોક્સ સાથેનો ચેપ પ્રથમ વખત વર્ષ 1958માં શોધાયો હતો.
- સંશોધન માટે રાખવામાં આવેલા વાંદરાની વસાહતોમાં શીતળા જેવા રોગના બે પ્રકોપ ફાટી નીકળ્યા પછી તેને 'મંકીપોક્સ' નામ આપવામાં આવ્યું હતું.

### લક્ષણો

તે ચેપગ્રસ્ત લોકોમાં અછબડા જેવા ફોલ્લીઓનું કારણ બને છે, પરંતુ મંકીપોક્સને કારણે થતો તાવ, અસ્વસ્થા અને માથાનો દુખાવો સામાન્ય રીતે ચિકનપોક્સથી થતા ફોલ્લીઓ કરતા વધુ ગંભીર હોય છે.

- મંકીપોક્સના કારણે થોડા દિવસો માટે તાવ અને લસિકા ગાંઠોમાં સોજો આવે છે.
- લાલ ચકામા, શરીરમાં દુખાવો, વધારે થાક વગેરે તેમના લક્ષણો છે.

### ફેલાવો

મંકીપોક્સ વાયરસ મોટા ભાગે ઉંદરો અને જંગલી પ્રાણીઓમાંથી ફેલાય છે, પરંતુ માનવ–થી–માનવમાં પણ સંક્રમણ થાય છે.

- ચેપગ્રસ્ત પ્રાણીઓનું અપૂરતું માંસ ખાવુ એ પણ જોખમનું એક પરીબળ છે.
- માનવ–થી–માનવ ફેલાવો ચેપગ્રસ્ત શ્વસન માર્ગના સ્ત્રાવના કારણે ચેપગ્રસ્ત વ્યક્તિની ચામડીના ઘાવમાંથી સ્ત્રાવતા પ્રવાહી દ્વારા અને દૂષિત વસ્તુઓ સાથે નજીકના સંપર્ક દ્વારા થઈ શકે છે.
- તે રસીકરણ દ્વારા અથવા પ્લેસેન્ટા (જન્મજાત મંકીપોક્સ) દ્વારા પણ પ્રસારિત થઈ શકે છે.
- તે ઝડપીથી ફેલાય છે અને જો ચેપ લાગે તો દસમાંથી એક વ્યક્તિ મૃત્યુનું કારણ બની શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સારવાર

મંકીપોક્સના ચેપને રોકવા માટે કોઈ ચોક્કસ સારવાર અથવા રસી ઉપલબ્ધ નથી.

## PHEIC અને મહામારી વિશે

PHEIC (આંતરરાષ્ટ્રીય ચિંતાની જાહેર આરોગ્ય કટોકટી) એ મહામારીથી અલગ છે.

- મહામારી એ એક રોગ છે જે વિશાળ વિસ્તારમાં થાય છે અને મોટી સંખ્યામાં લોકોને અસર કરે છે.
- જ્યારે PHEIC એ કાળજીપૂર્વક વ્યાખ્યાયિત શબ્દ છે.
- તેને એવી પરિસ્થિતિ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે નિયંત્રણમાં છે અને નિયંત્રણમાંથી બહાર જવાની ક્ષમતા ધરાવે છે.
- વૈશ્વિક કટોકટી જાહેર કરવાનો અર્થ એ છે કે મંકીપોક્સ ફાટી નીકળવો એ એક અસાધારણ ઘટના છે જે વધુ દેશમાં ફેલાઈ શકે છે અને તેને સંકલિત વૈશ્વિક પ્રતિસાદની જરૂર છે.

# 68th National Film Awards 2022




તાજેતરમાં ભારતના '68મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2022'ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે.

- જેમાં બેસ્ટ એક્ટરનો એવોર્ડ એક્ટર શ્રી સૂર્યાને 'સૂરરાય પોટરુ' ફિલ્મ માટે અને શ્રી અજય દેવગણને 'તાનાજી' માટે આપવામાં આવ્યો હતો.
- જ્યારે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ સુશ્રી અપર્ણા બાલામૂરલીને સૂરરાય પોટરુ ફિલ્મ માટે મળ્યો છે.
- નોંધનીય છે કે સૂરરાય પોટરુ(Soorarai Pottru)એ ચારમાંથી ત્રણ મોટા પુરસ્કાર જીત્યા છે.

## સૂરરાય પોટરુ ફિલ્મ

સૂરરાય પોટરુ ફિલ્મ તામિલ ભાષાની ફિલ્મ છે.

- જેના ડિરેક્ટર સુશ્રી સુધા કોંગરા છે.
- આ ફિલ્મમાં પ્રસિદ્ધ એક્ટર શ્રી સૂર્યા, સુશ્રી અપર્ણા બાલામૂરલી, શ્રી પરેશ રાવલ અને શ્રી મોહન બાબુ મુખ્ય ભૂમિકામાં છે.
- આ ફિલ્મ આંશિક રીતે સિમ્પલી ફલાય ડેક્કનના સ્થાપક શ્રી જીઆર ગોપીનાથના જીવનની ઘટનાઓથી પ્રેરિત છે.

# વિવિધ ફિલ્મને મળેલા એવોર્ડ

ભારતમાં મુખ્ય ત્રણ કેટેગરી – (1) ગોલ્ડન લોટસ એવોર્ડ, (2) સિલ્વર લોટસ એવોર્ડ અને (3) રિજનલ (પ્રાદેશિક) એવોર્ડ–માં વિવિધ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવે છે.

- આ અંતર્ગત જાહેર થયેલા વિવિધ એવોર્ડમાંથી કેટલાક મહત્વના એવોર્ડ આ પ્રમાણે છે :

## ગોલ્ડન લોટસ એવોર્ડ : (ઓફિશિયલ નામ - સ્વર્ણ કમલ એવોર્ડ)

| ક્રમ | એવોર્ડ | વિજેતા ફિલ્મ | ભાષા |
|---|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | સૂરરાય પોટરુ (Soorarai Pottru) | તામિલ |
| 2 | બેસ્ટ ડાયરેક્શન | અયપાનમ કોશિયુમ | મલયાલમ |
| 3 | બેસ્ટ ડેબ્યુ ફિલ્મ ઓફ ડાયરેક્ટર | મંડેલા (ડાયરેક્ટર: શ્રી મેડોન અશ્વિન) | તામિલ |
| 4 | બેસ્ટ પોપ્યુલર ફિલ્મ | તાનાજી : ધ અનસંગ વોરિયર | હિન્દી |
| 5 | બેસ્ટ ચિલ્ડ્રન ફિલ્મ | સુમી | મરાઠી |

## સિલ્વર લોટસ એવોર્ડ : (ઓફિશિયલ નામ-રજત કમલ એવોર્ડ)

| ક્રમ | એવોર્ડ | વિજેતા વ્યક્તિ | ફિલ્મ | ભાષા |
|---|---|---|---|---|
| 1 | બેસ્ટ એક્ટર | સૂર્યા (મૂળનામ સર્વાનન શિવકુમાર) | સૂરરાય પોટરુ | તામિલ |
| | | શ્રી અજય દેવગણ | તાનાજી : ધ અનસંગ વોરિયર | હિન્દી |
| 2 | બેસ્ટ એક્ટ્રેસ | સુશ્રી અપર્ણા બાલામૂરલી | સૂરરાય પોટરુ | તામિલ |
| 3 | બેસ્ટ પુરુષ પ્લેબેક સિંગર | શ્રી રાહુલ દેશપાંડે | મી વસંતરાવ | મરાઠી |
| 4 | બેસ્ટ મહિલા પ્લેબેક સિંગર | સુશ્રી નાનાજિયામ્મા | અયપ્પનુમ કોશિયમ | મલયાલમ |
| 5 | બેસ્ટ કોરિયોગ્રાફી | સુશ્રી સંધ્યા રાજુ | નાટ્યમ | તેલગુ |
| 6 | બેસ્ટ સહાયક એક્ટર | શ્રી બીજુ મેનન | અયપ્પનમ કોશિયમ | મલયાલમ |
| 7 | બેસ્ટ સહાયક એક્ટ્રેસ | સુશ્રી લક્ષ્મી પ્રિયા ચંદ્રમોલી | શિવરંજિનિયમ ઉનુમ સિલા પેંગલમ | તામિલ |

## રિજનલ (પ્રાદેશિક) એવોર્ડ

| ક્રમ | એવોર્ડ | ફિલ્મ |
|---|---|---|
| 1 | બેસ્ટ હિન્દી ફિલ્મ | Toolsidas Junior |
| 2 | બેસ્ટ આસામી ફિલ્મ | Bridge |
| 3 | બેસ્ટ બંગાળી ફિલ્મ | Avijatrik |
| 4 | બેસ્ટ કન્નડ ફિલ્મ | Dollu |
| 5 | બેસ્ટ મરાઠી ફિલ્મ | Sivaraniniyum Innum Sila Pengalum |

નોંધ : (1) 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2022'મા એકપણ ગુજરાતી ફિલ્મને એવોર્ડ મળ્યો નથી.

(2) રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની સ્થાપના વર્ષ 1954માં કરવામાં આવી હતી. તે દેશનો સૌથી પ્રસિદ્ધ એવોર્ડ સમારોહ છે.

(3) ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ (ભારત) ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન પેનોરમાં સાથે પુરસ્કારો રજૂ કરે છે.

(4) આ પુરસ્કારો નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ : શ્રી નીરજ ચોપરાએ સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો




તાજેતરમાં ભારતીય સ્ટાર જેવેલિન થ્રોઅર અને ઓલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા શ્રી નીરજ ચોપરાએ અમેરિકામાં 'વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ'માં સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

- અમેરિકામાં યોજાયેલી આ સ્પર્ધાની ફાઈનલમાં શ્રી નીરજ ચોપરાએ 88.13 મીટરના અંતર સાથે બીજા ક્રમે રહ્યા હતા.
- જ્યારે ગ્રેનેડાના એન્ડરસન પીટર્સે 90.54 મીટર સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- શ્રી નીરજ ચોપરા વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતનાર પ્રથમ ભારતીય છે.
- ભારતે 19 વર્ષ બાદ બીજી વખત વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મેડલ જીત્યો છે.
- આ પહેલા મહિલાઓની લાંબી કુદમાં સુશ્રી અંજુ બોબી જ્યોર્જે વર્ષ 2003માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

1. તાજેતરમાં WHOએ મંકીપોક્સના રોગચાળાને 'આંતરરાષ્ટ્રીય ચિંતાની જાહેર આરોગ્ય ઈમરજન્સી' (Public Health Emergency of International Concern- PHIEC) જાહેર કરી છે. મંકીપોક્સ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. મંકીપોક્સ એ એક દુલર્ભ વાયરલ ઝૂનોટિક રોગ છે, જે મંકીપોક્સ વાયરસ ચેપના કારણે થાય છે.
   2. તે ચેપગ્રસ્ત લોકોમાં અછબડા જેવા ફોલ્લીઓનું કારણ બંને છે.
   3. મંકીપોક્સને કારણે થોડા દિવસો માટે તાવ અને લસિકા ગાંઠોમાં સોજો આવે છે.
   4. મંકીપોક્સ સાથેનો ચેપ પ્રથમ વખત વર્ષ 1958માં શોધાયો હતો.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

2. તાજેતરમાં જુલાઈ, 2022 દરમિયાન ભારતમાં કેટલામાં 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ' વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી ?

   (A) 66મા (B) 67મા (C) 68મા (D) 69 મા **(C)**

3. 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2022'મા 'બેસ્ટ ફિલ્મ'નો એવોર્ડ કઈ ફિલ્મને એનાયત થયો છે ?

   (A) સૂરરાય પોટરુ (B) ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક
   (C) તડપ (D) અંતિમ **(A)**

4. 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2022'મા 'બેસ્ટ એક્ટર'નો એવોર્ડ કોને મળ્યો છે ?

   (A) શ્રી સૂર્યા અને શ્રી અજય દેવગણ (B) શ્રી વિકી કૌશલ અને શ્રી એન.ટી.આર જુનિયર
   (C) શ્રી સંજય દત્ત અને શ્રી રામચરણ (D) શ્રી કાર્તિક આર્યન અને શ્રી આયુષમાન ખુરાના **(A)**

5. 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2022'મા સૂરરાય પોટરુએ ત્રણ મોટા પુરસ્કાર જીત્યા છે. તે કઈ ભાષાની ફિલ્મ છે ?

   (A) મલયાલમ (B) તામિલ (C) મરાઠી (D) હિન્દી **(B)**

6. તાજેતરમાં ભારતીય સ્ટાર જેવેલિન થ્રોઅર શ્રી નીરજ ચોપરાએ 'વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ........મીટર થ્રો કરી સિલ્વર મેડલ જીત્યો છે.

   (A) 88.13 (B) 90.2 (C) 91.12 (D) 91.28 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 26 જુલાઈ, કારગિલ વિજય દિવસ




ભારતમાં દર વર્ષે 26 જુલાઈના રોજ 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તેને વિજય દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષ 1999માં થયેલા કારગિલ યુદ્ધમાં ભારતની સેના દ્વારા 'ઓપરેશન વિજય' હાથ ધરવામાં આવ્યું હતું.
- જેમાં ભારતની સેનાની જીત થઈ હતી.
- અને 26 જુલાઈ, 1999ના રોજ આ યુદ્ધનો અંત આવ્યો હતો.
- આથી, ભારતમાં દર વર્ષે 26 જુલાઈના રોજ 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ 2022માં 'કારગિલ વિજય દિવસ'ની 23મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે.

## India's Bioeconomy Report 2022

બાયોટેકનોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ (BIRAC)એ તાજેતરમાં 'ઈન્ડિયા બાયોઈકોનોમી રિપોર્ટ 2022' બહાર પાડ્યો છે.

- આ રિપોર્ટ અર્થતંત્રમાં બાયોટેક સેક્ટરના યોગદાનના ડેટાના આધારે તૈયાર કરવામાં આવ્યો છે.

### રિપોર્ટના મુખ્ય તારણો

આ રિપોર્ટ અનુસાર ભારતની જૈવ–અર્થવ્યવસ્થા 2025 સુધીમાં 150 બિલિયન અમેરિકન ડોલર અને 2030 સુધીમાં 300 બિલિયન અમેરિકન ડોલરથી વધુ થવાની ધારણા છે.

- વર્ષ 2021માં ભારતની બાયો–ઈકોનોમી 80 બિલિયન અમેરિકન ડોલરને સ્પર્શી ગઈ છે, જે વર્ષ 2020માં 70.2 બિલિયન અમેરિકન ડોલરની સરખામણીમાં 14.1 ટકાની વૃદ્ધિ દર્શાવે છે.
- વર્ષ 2021માં દરરોજ સરેરાશ ત્રણ બાયોટેક સ્ટાર્ટ–અપ્સની સ્થાપના કરવામાં આવી હતી. આમ 2021માં 1128 બાયોટેક સ્ટાર્ટ–અપ્સની સ્થાપના કરવામાં આવી હતી.
- બાયો–ઈકોનોમી ઉદ્યોગે સંશોધન અને વિકાસમાં 1 બિલિયન અમેરિકન ડોલર કરતા વધુ ખર્ચ કર્યો છે.
- ભારત દરરોજ કોવિડ– 19 માટે લગભગ 4 મિલિયન રસીના ડોઝ પહોંચાડે છે. આમ 2021માં કુલ 1.45 અબજ ડોઝનું સંચાલન કરવામાં આવ્યું હતું.

નોંધ : (1) ભારતમાં બાયોટેક સ્ટાર્ટ–અપ્સની સંખ્યા છેલ્લા 10 વર્ષમાં 50 થી વધીને 5,300થી વધુ થઈ છે.
(2) જે સક્ષમ ઈકોસિસ્ટમ અને આ ક્ષેત્રને સરકાર દ્વારા આપવામાં આવેલી પ્રાથમિકતાના કારણે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કારાકોરમ વિસંગતતા (Karakoram Anomaly)

તાજેતરના એક અભ્યાસમાં એ બાબતની તપાસ કરવામાં આવી હતી કે કારાકોરમ શ્રેણીમાંની હિમનદીઓ અન્યત્ર હિમનદીઓની જેમ આબોહવા પરિવર્તનથી પ્રભાવિત કેમ નથી થતી.

- હિમાલયમાં હિમનદીઓનું પ્રમાણ ઘટી રહ્યુ છે.
- સંશોધકોએ આ ઘટનાને 'વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પુનરુત્થાન' (WDs) સાથે જોડી છે.
- કારાકોરમ ગ્લેશિયરના બિન–સામુહિક ઘટાડાની ઘટનાને 'કારાકોરમ વિસંગગતા' તરીકે ઓળખવામાં આવે છે.

### શું છે બાબત ?

ભારતમાં હિમાલયના ગ્લેશિયર્સ ખૂબ જ મહત્વપૂર્ણ છે, ખાસ કરીને તેની નીચે તરફ રહેતા લોકો માટે.

- તેઓ તેમની દૈનિક પાણીની જરૂરિયાતો માટે બારમાસી નદીઓ પર નિર્ભર છે.
- જોકે, ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તનને કારણે જળાશયો ઝડપથી ઘટી રહ્યા છે.
- બીજી તરફ મધ્ય કારાકોરમમાં આવેલા ગ્લેશિયરોની પણ આવી જ હાલત છે.

### નવો અભ્યાસ

તાજેતરમાં અમેરિકન મેટેરોલોજીકલ સોસાયટીના જર્નલ ઓફ ક્લાઈમેન્ટમાં કારાકોરમ રેન્જમાં અસામાન્ય પેટર્ન સમજાવતો અભ્યાસ પ્રકાશિત થયો હતો.

- સંશોધકો દાવો કરી રહ્યા છે કે કારાકોરમ વિસંગતતાને ઉત્તેજીત કરવા અને જાળવવાનું મુખ્ય પરિબળ 21મી સદીની શરૂઆતથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનું પુનરુત્થાન છે.
- વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (WDs) શિયાળા દરમિયાન પ્રદેશ માટે હિમવર્ષાનું પ્રાથમિક કારણ છે.
- અભ્યાસો દર્શાવે છે કે તેઓ કુલ મોસમી હિમવર્ષાના લગભગ 65% અને કુલ મોસમી વરસાદના લગભગ 53% માટે જવાબદાર છે, તેથી તેઓ ભેજના સૌથી મહત્વપૂર્ણ સ્ત્રોત છે.
- વધુમાં કારાકોરમને અસર કરતી પશ્ચિમી વિક્ષેપને કારણે છેલ્લા બે દાયકામાં વરસાદની તીવ્રતામાં લગભગ 10%નો વધારો થયો છે, જે પ્રાદેશિક વિસંગતતાને જાળવવામાં તેની ભૂમિકાને વધુ મહત્ત્વપૂર્ણ બનાવે છે.

નોંધ : (1) કારાકોરમ એશિયાના મધ્યમાં પર્વતમાળાઓના શ્રૃંખલાનો એક ભાગ છે, જેમાં હિંદ કુશ, ઉત્તર પશ્ચિમમાં પામિર, ઉત્તરપૂર્વમાં કુનલુન પર્વત અને દક્ષિણપૂર્વમાં હિમાલયનો સમાવેશ થાય છે.

(2) કારાકોરમ અફઘાનિસ્તાન, ચીન, ભારત, પાકિસ્તાન અને તાજિકિસ્તાનના ભાગોને આવરી લે છે.

(3) કારાકોરમ શ્રેણીને 'કૃષ્ણાગિરિ' પર્વત શ્રેણીના નામથી પણ ઓળખવામાં આવે છે.

(4) કારાકોરમ શ્રેણી 'એશિયાની કમરનો મણકો'ના ઉપનામથી પણ ઓળખાય છે. તેમાં ટર્શિયરી યુગના ગ્રેનાઈટના જળકૃત ખડકો તથા જીવાશ્મિઓ જોવા મળે છે.

1. ભારતમાં કયો દિવસ 'કારગીલ વિજય દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 25 જુલાઈ (B) 26 જુલાઈ (C) 28 જુલાઈ (D) 29 જુલાઈ **(B)**

2. તાજેતરમાં વર્ષ 2022 દરમિયાન 'કારગિલ વિજય દિવસ'ની કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 23મી (B) 24મી (C) 25મી (D) 26મી **(A)**

3. 'India's Bioeconomy Report 2022' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. બાયોટેકનોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ (BIRAC)એ આ રિપોર્ટ બહાર પાડ્યો છે.
2. આ રિપોર્ટ અર્થતંત્રમાં બાયોટેક સેક્ટરના યોગદાનના ડેટાના આધારે તૈયાર કરવામાં આવ્યો છે.
3. આ રિપોર્ટ અનુસાર ભારતની જૈવ–અર્થવ્યવસ્થા 2025 સુધીમાં 150 બિલિયન અમેરિકન ડોલર અને 2030 સુધીમાં 300 બિલિયન અમેરિકન ડોલરથી વધુ થવાની ધારણાં છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કારાકોરમ વિસંગતતા' (Karakoram Anomaly) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તાજેતરના એક અભ્યાસમાં એ બાબતની તપાસ કરવામાં આવી હતી કે કારાકોરમ શ્રેણીમાંની હિમનદીઓ અન્યત્ર હિમનદીઓની જેમ આબોહવા પરિવર્તનથી પ્રભાવિત કેમ નથી થતી.
2. સંશોધકોએ આ ઘટનાને 'વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પુનરુત્થાન' (WDs) સાથે જોડી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે. (B) વિધાન 2 સાચું છે પરંતુ વિધાન 1 ખોટું છે.
(C) વિધાન 1 અને વિધાન 2 બંને સાચા છે. (D) વિધાન 1 અને વિધાન 2 બંને ખોટા છે. **(C)**

## ભારતની ધ્વજ સંહિતા (Flag Code of India)



તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતની ધ્વજ સંહિતા અથવા ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા 2002માં સુધારો કર્યો છે.

- કેન્દ્ર સરકારે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 13 થી 15 ઓગસ્ટ દરમિયાન 'હર ઘર ત્રિરંગા' અભિયાનનું આયોજન કર્યુ છે.
- આ અભિયાનને ધ્યાનમાં રાખીને ફ્લેગ કોડમાં સુધારો કરવામાં આવ્યો છે.

### ફ્લેગ કોડમાં કયા ફેરફાર કર્યા

નવા સુધારા અંતર્ગત રાષ્ટ્રધ્વજને દિવસે અને રાત્રે બંને સમયે ફરકાવવાની મંજૂરી આપવામાં આવી છે. અગાઉ ધ્વજ માત્ર સૂર્યોદય થી સુર્યાસ્ત સુધી ફરકાવવાની છૂટ હતી.

- પોલિએસ્ટરથી બનેલા અને મશીનથી બનેલા રાષ્ટ્રધ્વજના ઉપયોગને મંજૂરી આપવામાં આવી છે, અગાઉ આ ઉપયોગની મંજૂરી ન હતી, (આ સુધારો થોડા સમય પહેલા કરવામાં આવ્યો હતો.)

### Flag Code of India, 2002

ભારતની ધ્વજ સંહિતા એ ભારતના ધ્વજને ફરકાવવા અને તેના પ્રયોગ કરવા બાબતે આપવામાં આવેલા નિર્દેશો છે.

- ભારતીય ધ્વજ સંહિતા 2002નો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય ધ્વજ સંદર્ભે નિયમો, રિવાજો, ઔપચારિકતાઓ અને નિર્દેશોને એક સાથે લાવવાનો છે.
- 'ભારતીય ધ્વજ સંહિતા, 2002' 26 જાન્યુઆરી, 2002થી અમલમાં આવેલ છે.
- ભારતીય ધ્વજ સંહિતા, 2002ને ત્રણ ભાગમાં વહેંચવામાં આવી છે :

ભાગ-1 : પ્રથમ ભાગમાં રાષ્ટ્રધ્વજનું સામાન્ય વર્ણન કરવામાં આવ્યું છે.

ભાગ-2 : બીજા ભાગમાં લોકો, ખાનગી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે.

ભાગ-3 : ત્રીજો ભાગ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને તેમની સંસ્થાઓ વગેરે દ્વારા રાષ્ટ્રધ્વજ લહેરાવવા અંગે માહિતી આપે છે.

- ભારતીય ધ્વજ સંહિતા, 2002માં દર્શાવેલ અગત્યની બાબતો નીચે મુજબ છે :

(a) રાષ્ટ્રધ્વજ હાથથી કાંતેલા ઊન/ સુતરાઉ/ રેશમી ખાદીના કાપડમાંથી બનાવેલ હોવો જોઈએ. (જેમાં તાજેતરમાં સુધારો કર્યો છે. મશિનથી બનેલા અને પોલિએસ્ટર બનેલા ધ્વજનો પણ ઉપયોગ કરી શકાશે.)

(b) રાષ્ટ્રધ્વજનો આકાર લંબ ચોરસ હોવો જોઈએ. તથા રાષ્ટ્રધ્વજની લંબાઈ અને પહોંળાઈનો ગુણોત્તર 3:2 હોવું જોઈએ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(c) સામાન્ય રીતે 450 mm × 300 mm માપનો ધ્વજ ભારતના મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓ (રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી)ને લઈ જતા વિમાન પર હોય છે.

(d) 225 mm × 150 mm માપનો ધ્વજ મહત્વના વ્યક્તિઓની મોટરકારોમાં આગળ મધ્યમાં કે જમણી બાજુ હોય છે.

(e) જ્યારે 150 mm × 100 mm માપનો ધ્વજ ઓફિસોમાં ટેબલ પર મૂકવા માટે વપરાય છે.

## રાષ્ટ્રધ્વજ કોણ ફરકાવી શકે ?

કોઈપણ ખાનગી સંસ્થા અથવા શૈક્ષણિક સંસ્થા અથવા અન્ય કોઈ પણ ભારતીય નાગરિક ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો અધિકાર ધરાવે છે.

- આ માટે તેમને નીચે મુજબના નિયમોનું પાલન કરવું આવશ્યક છે :

(1) ધ્વજ ફરકાવતી વખતે તેની સ્થિતિ સન્માનજનક હોવી જોઈએ.

(2) ફાટેલ, મેલો થયેલ કે ખરાબ સ્થિતિવાળો ધ્વજ ફરકાવી શકાય નહીં.

(3) અગાઉ સુર્યોદયથી સૂર્યાસ્ત સુધી જ રાષ્ટ્રધ્વજ ફરકાવી શકાતો. સૂર્યાસ્ત બાદ રાષ્ટ્રધ્વજને ઉતારી લેવામાં આવતો હતો. જેમાં સરકારે તાજેતરમાં સુધારો કર્યો છે જે અંતર્ગત દિવસ અને રાત બંને સમય ફરકાવી શકાશે.

(4) રાષ્ટ્રધ્વજને ઉલટો (કેસરી રંગને નીચે) રાખીને ફરકાવી શકાય નહીં.

(5) લોકો દ્વારા કોઈ સાંસ્કૃતિક પ્રસંગે, રાષ્ટ્રીય પ્રસંગે કે રમત–ગમત સમયે કાગળનો બનેલો રાષ્ટ્રધ્વજ હાથમાં રાખી ફરકાવી શકાય છે. જે દેશનું ગૌરવ અને દેશપ્રેમ વ્યક્ત કરે છે. પરંતુ કાર્યક્રમ પૂરો થયા બાદ તે જમીન પર ફેંકી શકાય નહીં.

(6) અન્ય કોઈ દેશના કે અન્ય કોઈપણ રાષ્ટ્રધ્વજને રાષ્ટ્રધ્વજથી ઉપર કે બરાબર ફરકાવી શકાય નહીં. પરંતુ સંયુક્ત રાષ્ટ્ર કે અન્ય આંતરરાષ્ટ્રીય સંમેલન વખતે દરેક દેશનું માન જળવાય તે માટે તમામ દેશોના રાષ્ટ્રધ્વજોને એક સમાન દંડ લંબાઈ ધરાવતા દંડ પર ફરકાવવામાં આવે છે.

(7) રાષ્ટ્રધ્વજને આદેશ સિવાયના કોઈપણ સંજોગોમાં અડધી કાઠીએ ફરકાવી શકાય નહીં.

## કોના નિધન બાદ રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવાય છે ?

નીચે મુજબની ગણમાન્ય વ્યક્તિઓમાંથી કોઈનું અવસાન થાય ત્યારે નીચે દર્શાવેલ સ્થાનો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવે છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ક્રમ | ગણમાન્ય વ્યક્તિ | સ્થાન |
|---|---|---|
| 1 | રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન | સમગ્ર ભારતમાં |
| 2 | લોકસભાના અધ્યક્ષ, ભારતના મુખ્ય ન્યાયાધીશ, કેન્દ્રીય કેબિનેટ મંત્રીઓ | દિલ્હી અને રાજ્યોની રાજધાનીમાં |
| 3 | કેન્દ્રના રાજ્યમંત્રી કે ઉપમંત્રી | દિલ્હીમાં |
| 4 | રાજ્યના રાજ્યપાલ, રાજ્યના મુખ્યમંત્રી | સંબંધિત સમગ્ર રાજ્યમાં |
| 5 | કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્યમંત્રી, કેન્દ્રશાસિત પ્રદેશના ઉપરાજ્યપાલ | સંબંધિત સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં |
| 6 | રાજ્યના કેબિનેટ મંત્રી | સંબંધિત રાજ્યની રાજધાનીમાં |

- જો ઉપરોક્ત કોઈ ગણમાન્ય વ્યક્તિનું અવસાન પ્રજાસત્તાક દિવસ, સ્વતંત્રતા દિવસ, ગાંધી જંયતિ કે રાષ્ટ્રીય સપ્તાહ (6 થી 13 એપ્રિલ)ના દિવસે થયું હોય તો તેમનું પાર્થિવ શરીર જે ભવનમાં હોય ત્યાં જ ધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવે છે.
- ધ્વજને અડધી કાઠીએ ફરકાવવાનો હોય ત્યારે પહેલા પૂર્ણ ઊંચાઈએ લઈ જવામાં આવે છે. ત્યારબાદ અડધી કાઠીએ ફરકાવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના રાષ્ટ્રધ્વજનો ઈતિહાસ

### 1907


22 ઓગસ્ટ, 1907ના રોજ જર્મનીના સ્ટૂટગાર્ડમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં મેડમ ભીખાઈજી કામાએ ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. જેમાં ત્રણ કલર (ઉપરથી નીચે તરફ) લીલો, પીળો અને લાલ હતા.




- લીલા રંગમાં આઠ કમળની આકૃતિ તથા પીળા રંગના પટ્ટામાં 'વંદેમાતરમ' લખેલું હતું. અને સૌથી નીચેના લાલ રંગના પટ્ટામાં ડાબી બાજુ ચંદ્ર અને જમણી બાજુએ સૂર્યની આકૃતિઓ હતી.

નોંધ : આ અગાઉ 7 ઓગસ્ટ, 1906માં કલકત્તાના પારસી બાગાબ ચોક જે આજે ગ્રીન ચોક તરીકે ઓળખાય છે ત્યાં બંગાળના વિભાજનની વિરોધમાં ફરકાવવામાં આવ્યો હતો. આ રાષ્ટ્રધ્વજ સિસ્ટર નિવેદિતા દ્વારા બનાવવામાં આવ્યો હતો.

## 1921



ઈ.સ. 1921ની કોંગ્રેસ મહાસભામાં ગાંધીજી દ્વારા ધ્વજ રજૂ કરવામાં આવ્યો હતો.

- જેમાં મધ્યમાં ચરખો મુકવામાં આવ્યો હતો.
- મહાત્મા ગાંધીજીને આ ચરખો રાખવાનો વિચાર શ્રી લાલા હંસરાજ દ્વારા આપવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત તેમાં ત્રણ કલર સફેદ, લીલો અને લાલ રાખવામાં આવ્યા હતા.

## 1931



ઘણા ફેરફારોમાંથી પસાર થયા પછી વર્ષ 1931માં કરાચીમાં કોંગ્રેસ સમિતિની બેઠકમાં ત્રિરંગાને આપણા રાષ્ટ્રીયધ્વજ તરીકે અપનાવવામાં આવ્યો હતો.

- 1931માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા 'સ્વરાજ ઝંડા' તરીકે સ્વીકારવામાં આવેલા ધ્વજમાં સૌથી ઉપર કેસરી, ત્યારબાદ મધ્યમાં સફેદ જેમાં વાદળી રંગની બોર્ડરવાળો ચરખો મુકવામાં આવ્યો હતો. તથા લીલો રંગ હતો.

## 1947



22 જુલાઈ, 1947ના રોજ યોજાયેલી બંધારણ સભાની બેઠક દરમિયાન ભારતીય ધ્વજને તેના વર્તમાન સ્વરૂપમાં અપનાવવામાં આવ્યો હતો.

- જેમાં ઉપરથી અનુક્રમે ત્રણ કલર કેસરી, સફેદ અને લીલો છે.
- તેમજ મધ્યમાં 24 આરાવાળુ અશોક ચક્ર છે. જે વાદળી રંગનું છે.

**નોંધ :** (1) ભારતના રાષ્ટ્રધ્વજ માટે બંધારણ સભાની કામચલાઉ સમિતિના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર પ્રસાદ હતા.

(2) ભારતનો વર્તમાન રાષ્ટ્રધ્વજ શ્રી પિંગલી વૈંકેયા દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે.

(3) ભારતના બંધારણના અનુચ્છેદ–19 (1) (A) મુજબ રાષ્ટ્રધ્વજ ફરકાવવો એ દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે.

(4) રાષ્ટ્રધ્વજ ફરકાવવાની દોરીને 'હેમ્પ કોર્ડેજ' કહેવામાં આવે છે.

## હર ઘર ત્રિરંગા અભિયાન

75મા સ્વતંત્રતા દિવસના અવસર પર કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં ‘હર ઘર ત્રિરંગા’ અભિયાનનું આયોજન કર્યુ છે.

- આ અભિયાન આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સંસ્કૃતિ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવશે.
- ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે રાષ્ટ્રધ્વજના સન્માનમાં આ અભિયાનને મંજૂરી આપી છે.
- આ અભિયાનનો ઉદ્દેશ લોકોમાં દેશભક્તિની ભાવના કેળવવાનો અને ત્રિરંગા વિશે જાગૃતિ લાવવાનો છે.
- આ અભિયાન અંતર્ગત 13 થી 15 ઓગસ્ટ દરમિયાન લોકોને ઘર, ઓફિસ, સોશિયલ મિડિયા, વગેરેમાં રાષ્ટ્રધ્વજ લગાવવાનું આહવાન કરવામાં આવ્યું છે.

## વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ- 2022




તાજેતરમાં અમેરિકામાં યુજેન અને ઓરેગોન શહેરમાં 15 થી 24 જુલાઈ, 2022 દરમિયાન ‘વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશિપ 2022’નું આયોજન થયું હતું.

- વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની આ 18મી આવૃત્તિ હતી.
- વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2022માં મેડલ ટેલીમાં 13 ગોલ્ડ, 9 સિલ્વર અને 11 બ્રોન્ઝ થઈને 33 મેડલ સાથે યુનાઈટેડ સ્ટેટ્સ પ્રથમ ક્રમે હતું.
- ત્યારબાદ મેડલ ટેલીમાં ઈથોપિયા બીજા અને જમૈકા ત્રીજા ક્રમે હતું.
- વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2022માં ભારતે 1 સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે.
- ભારતના સ્ટાર જેવેલિન થ્રોઅર શ્રી નીરજ ચોપરાએ જેવેલિન થ્રોની ફાઈનલમાં 88.13 મીટર થ્રો કરી સિલ્વર મેડલ જીત્યો હતો.

### વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2022ની પરીક્ષાલક્ષી કેટલીક માહિતી

- પુરુષોની 100 મીટર રેસમાં શ્રી ફ્રેડ કેર્લીએ ગોલ્ડ, શ્રી માર્વિન બ્રેસીએ સિલ્વર અને શ્રી ટ્રેવોન બ્રોમેલએ બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ ત્રણેય ખેલાડી અમેરિકાના છે.

- અમેરિકાની સ્ટાર એથ્લેટ સુશ્રી એલિસન ફેલિક્સે ચાર બાય 400 મીટર મિક્સ રિલે ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવીને વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પોતાનો 19મો તથા છેલ્લો મેડલ મેળવી વિદાય લીધી હતી.
- મેન્સ 400 મીટર હર્ડલ્સ રેસમાં બ્રાઝિલના શ્રી એલિસન ડોસ સાન્તોસે ગોલ્ડ જીતીને તમામને સત્બધ કરી દીધા હતા. તેણે 46.29 સેકન્ડના સમય સાથે ચેમ્પિયનશિપનો રેકોર્ડ પણ તોડયો હતો.
- બ્રિટનના શ્રી જેક વ્હાઈટમેને 1500 મીટર રેસમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- ઓસ્ટ્રેલિયાના સુશ્રી એલેનોર પેટરસને વિમેન્સ હાઈજમ્પમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સાથે વર્લ્ડ ચેમ્પિયનશિપ અથવા ઓલિમ્પિકની હાઈજમ્પમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ઓસ્ટ્રેલિયન એથ્લેટ બન્યા છે.
- અમેરિકાના નોઆહ લાઈલ્સ સતત બીજી વખત 200 મીટર રેસમાં વર્લ્ડ ચેમ્પિયન બન્યા હતા.
- ભારતીય એથ્લેટ શ્રી એલ્ડોસ પોલે વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની ટ્રિપલ જમ્પ ફાઈનલમાં પ્રવેશ કરનાર પ્રથમ ભારતીય બન્યા હતા. તેઓ ગ્રુપ–એ ક્વોલિફિકેશનમાં છઠ્ઠા અને ઓવરઓલ 12મા ક્રમે રહ્યા હતા.
- આ ઉપરાંત ભારતીય એથ્લેટ સુશ્રી અન્નુ રાનીએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની વિમેન્સ જેવેલિન થ્રો ઈવેન્ટની ફાઈનલમાં પહોંચ્યા હતા. તેઓ ઓવરઓલ આઠમાં ક્રમે રહ્યા હતા.




1. ભારતની ધ્વજ સંહિતા (Flag Code of India) 2002માં સુધારો કરવામાં આવ્યો હતો. તેના સદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) કેન્દ્ર સરકારે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'હર ઘર ત્રિરંગા' અભિયાનનું આયોજન કર્યુ હતું. આ અભિયાનને ધ્યાનમાં રાખીને ફલેગ કોડમાં સુધારો કરવામાં આવ્યો છે.

(B) નવા સુધારા અંતર્ગત રાષ્ટ્રધ્વજ દિવસ અને રાત બંને સમય ફરકાવવાની મંજૂરી આપવામાં આવી છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

2. 'ભારતીય ધ્વજ સંહિતા, 2002' (Flag Code of India, 2002) ક્યારથી અમલમાં આવી હતી ?

(A) 26 જાન્યુઆરી, 2005 (B) 26 જાન્યુઆરી, 2004

(C) 26 જાન્યુઆરી, 2003 (D) 26 જાન્યુઆરી, 2002 (D)

3. કયા વર્ષે જર્મનીના સ્ટૂટગાર્ડમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં મેડમ ભિખાઈજી કામાએ ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો ?

(A) 1907 (B) 1909 (C) 1913 (D) 1921 (A)

4. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શરૂ કરવામાં આવેલ 'હર ઘર ત્રિરંગા અભિયાન'નું આયોજન ક્યારે કરવામાં આવ્યું છે ?

(A) 13 થી 15 ઓગસ્ટ, 2022 દરમિયાન (B) 10 થી 20 ઓગસ્ટ, 2022 દરમિયાન

(C) 15 થી 30 ઓગસ્ટ, 2022 દરમિયાન (D) ફક્ત 15 ઓગસ્ટ દરમિયાન (A)

5. તાજેતરમાં 'વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશિપ 2022'નું આયોજન કયા દેશમાં થયું હતું ?

(A) જાપાન (B) ઓસ્ટ્રેલિયા (C) અમેરિકા (D) ઈન્ડોનેશિયા (C)

6. વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ, 2022માં મેડલ ટેલીમાં કયો દેશ પ્રથમ ક્રમે રહ્યો છે ?


(A) જાપાન (B) યુનાઈટેડ સ્ટેટ્સ (C) બ્રિટન (D) ઈથોપિયા (B)

7. તાજેતરમાં ચર્ચામાં રહેલ ભારતના સુશ્રી અન્નુ રાની કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) જેવેલિન થ્રો (B) ડિસ્ક થ્રો (C) હાઈ–જમ્પ (D) કુસ્તી (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 28 જુલાઈ, વિશ્વ હેપેટાઈટિસ દિવસ (World Hapatitis Day)




સમગ્ર વિશ્વમાં હેપેટાઈટિસની બીમારી અંગે જાગૃતિ ફેલાવવા માટે 28 જુલાઈના રોજ 'વિશ્વ હેપેટાઈટિસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- હેપેટાઈટિસ એ લિવરના ઈન્ફેક્શન સાથે સંકળાયેલી બીમારી છે.
- વર્ષ 2022ની વિશ્વ હેપેટાઈટિસ દિવસની થીમ 'Bringing Hepatitis Care Closer to You' છે.

## ભારતની 5 નવી રામસર સાઈટ્સ

રામસર સંમેલન હેઠળ તમિલનાડુમાંથી ત્રણ અને મિઝોરમ તથા મધ્યપ્રદેશમાંથી એક–એક આદ્રભૂમિની ઓળખ કરવામાં આવી છે.

- આમ ભારતે આંતરરાષ્ટ્રીય પાંચ નવી રામસર આદ્રભૂમિ સાઈટનો ઉમેરો કર્યો છે.
- નવીનતમ ઉમેરા સાથે ભારતમાં રામસર સાઈટ્સની કુલ સંખ્યા 54 થઈ ગઈ છે.

### નવી રામસર સાઈટ્સ

### કરિકિલી પક્ષી અભયારણ્ય

કરિકિલી પક્ષી અભયારણ્ય તમિલનાડુના કાંચીપુરમ જિલ્લામાં સ્થિત છે.

- આ અભયારણ્ય પહોળાઈમાં પાંચ કિલોમીટરમાં ફેલાયેલું છે.
- તે જળકાગ, અગ્રેટ્સ, ગ્રે હેરોન, ઓપન–બિલ સ્ટકો, ડાર્ટર, સ્પૂનબિલ, વ્હાઈટ એલબનિસ, નાઈટ હેરોન, ગ્રેબ્સ, ગ્રે પેલિકન વગેરેનું ઘર છે.

### પલ્લીકરનાઈ માર્શ રિઝર્વ ફોરેસ્ટ

તે તમિલનાડુ રાજ્યના ચેન્નાઈમાં આવેલું તાજા પાણીનું દલદલ છે.

- ચેન્નાઈમાં તે એકમાત્ર હયાત વેટલેન્ડ ઈકોસિસ્ટમ છે.
- તેની ગણના દક્ષિણ ભારતના છેલ્લા બાકી રહેલા કુદરતી વેટ્લેન્ડ્સમાં થાય છે.

### પિચવરમ મેન્ગ્રોવ, તમિલનાડુ

તે તમિલનાડુના કુડ્ડાલોર જિલ્લામાં ચિદમ્બરમની નજીક સ્થિત છે.

- તે 1100 હેક્ટરના વિસ્તારને આવરી લે છે અને આ રીતે તેની ગણતરી દેશના સૌથી મોટા મેન્ગ્રોવ જંગલોમાં થાય છે.
- તેમા પાણીના વિશાળ વિસ્તરણ સાથે મેન્ગ્રોવના જંગલોથી ઢંકાયેલ ટાપુનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પાલા આદ્રભૂમિ, મિઝોરમ

તે મિઝોરમની સૌથી કુદરતી આદ્રભૂમિ છે.

- તે પ્રાણીઓ, પક્ષીઓ અને સરિસૃપની વિશાળ શ્રેણીનું ઘર છે.
- તેનું ભૌગોલિક સ્થાન ઈન્ડો–બર્મા જૈવવિવિધતા હોટસ્પોટ હેઠળ આવે છે, તેથી તે પ્રાણી અને છોડની પ્રજાતિઓમાં પણ સમૃદ્ધ છે.
- આ તળાવ પલક વન્યજીવ અભયારણ્યનો મુખ્ય ઘટક છે અને અભયારણ્યની મુખ્ય જૈવવિવિધતાને સમર્થન આપે છે.


## સાખ્ય સાગર, મધ્યપ્રદેશ

આ તળાવ મધ્યપ્રદેશના શિવપુરીમાં માધવ રાષ્ટ્રીય ઉદ્યાનનો અભિન્ન ભાગ છે.

## નવી રામસર સાઈટ્સ

| ક્રમ | નવું રામસર સ્થળ (Ramsar Sites) | રાજ્ય |
|---|---|---|
| 1 | કરિકિલી પક્ષી અભયારણ્ય | તમિલનાડુ |
| 2 | પલ્લિકરનાઈ માર્શ રિઝર્વ ફોરેસ્ટ | તમિલનાડુ |
| 3 | પિચવરમ મેન્ગ્રોવ | તમિલનાડુ |
| 4 | પાલા આદ્રભૂમિ | મિઝોરમ |
| 5 | સાખ્ય સાગર | મધ્યપ્રદેશ |

## શ્રી ઈન્દરમીત ગિલ વર્લ્ડ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી બન્યા



તાજેતરમાં ભારતીય અર્થશાસ્ત્રી શ્રી ઈન્દરમીત ગિલને વર્લ્ડ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી અને વરિષ્ઠ ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેઓ આ પદ માટે અમેરિકન અર્થશાસ્ત્રી શ્રી કાર્મેન રેઈનહાર્ટ (Carmen Reinhart)નું સ્થાન લેશે.
- શ્રી ઈન્દરમિત ગિલની નિમણૂક 1 સપ્ટેમ્બર, 2022ના રોજ કરવામાં આવશે.
- તેઓ હાલમાં સમાન વિકાસ, નાણાં અને સંસ્થાઓના ઉપાધ્યક્ષ છે.
- અને મેક્રો ઈકોનોમિક્સ, દેવુ, ગરીબી, બિઝનેસ અને ગવર્નન્સ પરના કામનું નેતૃત્વ કરી રહ્યા છે.
- મુખ્ય અર્થશાસ્ત્રીના પદ માટે તેઓ મેક્રો ઈકોનોમિક અસંતુલન, વિકાસ, સંસ્થાઓ, ગરીબી, સંઘર્ષ અને આબોહવા પરિવર્તન પર દેશની સરકારો સાથે કામ કરશે.

- તેઓ <u>વિકાસ અર્થશાસ્ત્રમાં</u> તેમના બૌદ્ધિક યોગદાન માટે જાણીતા છે.
- વર્લ્ડ બેંકમાં મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે સેવા આપનાર તેઓ <u>બીજા ભારતીય</u> છે.
- આ અગાઉ <u>શ્રી કૌશિક બસુએ</u> 2012 થી 2016 સુધી અર્થશાસ્ત્રી તરીકે કામ કર્યુ હતું.

## વર્લ્ડ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી

વર્લ્ડ બેંકના <u>મુખ્ય અર્થશાસ્ત્રી</u> એ <u>વરિષ્ઠ અર્થશાસ્ત્રી</u> છે.

- તેમને વર્લ્ડ બેંકની સમગ્ર <u>આંતરરાષ્ટ્રીય વિકાસ વ્યૂહરચના</u> અને <u>આર્થિક સંશોધન કાર્યસૂચિને</u> બૌદ્ધિક નેતૃત્વ અને દિશા પ્રદાન કરવાનું કામ સોંપવામાં આવ્યું છે.
- તેઓ વર્લ્ડ બેંકની વરિષ્ઠ વ્યવસ્થાપન ટીમના સભ્ય છે, અને આ રીતે અધ્યક્ષ અને મેનેજમેન્ટને આર્થિક મુદ્દાઓ પર સલાહ આપે છે.

## World Bank

વર્લ્ડ બેંક એ <u>સંયુક્ત રાષ્ટ્ર (United Nations)</u>ની એક વિશિષ્ટ સંસ્થા છે.




- તે એક <u>આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થા</u> છે જે ઓછી આવક અને મધ્યમ આવક ધરાવતા દેશોની સરકારોને પ્રોજેક્ટ હાથ ધરવા માટે લોન અને અનુદાન પ્રદાન કરે છે.
- <u>ઈન્ટરનેશનલ બેંક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ (IBRD)</u> અને <u>ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એસોસિએશન (IDA)</u>ને સામૂહિક રીતે વર્લ્ડ બેંક તરીકે ઓળખવામાં આવે છે.
- તેનું વડુ મથક અમેરિકાના <u>વોશિંગ્ટન ડિસી</u> ખાતે આવેલું છે.
- તેની સ્થાપના અમેરિકામાં <u>'બ્રેટન વુડ્સ સંમેલન'</u> દરમિયાન જુલાઈ 1944માં થઈ હતી.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) <u>'Working for a World Free of Poverty'</u> છે.

નોંધ : (1) વર્લ્ડ બેંકના વર્તમાન અધ્યક્ષ <u>શ્રી ડેવિડ માલ્પસ</u> છે.

(2) વર્લ્ડ બેંકના પ્રથમ અધ્યક્ષ <u>શ્રી યુજેન મેયર</u> હતા.

(3) વર્લ્ડ બેંકના અધ્યક્ષ પદે આજ સુધી એકપણ મહિલા બિરાજમાન થયા નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Family Courts (Amendment) Bill, 2022

તાજેતરમાં લોકસભાએ <u>'પરિવાર ન્યાયાલય (સંશોધન) બિલ, 2022'</u> <u>(Family Courts (Amendment) Bill, 2022)</u> પસાર કર્યુ હતું.

- આ બિલ <u>હિમાચલ પ્રદેશ</u> અને <u>નાગાલેન્ડમાં</u> <u>ફેમિલી કોર્ટની સ્થાપના</u> માટે <u>'Family Courts Act, 1984'</u>માં સુધારો કરવા માંગે છે.

### Family Courts (Amendment) Bill, 2022

આ બિલ <u>હિમાચલ પ્રદેશ</u> રાજ્યમાં <u>15 ફેબ્રુઆરી, 2019</u>થી અને <u>નાગાલેન્ડ</u> રાજ્યમાં <u>12 સપ્ટેમ્બર, 2008</u>થી પ્રભાવી ફેમિલી કોર્ટની સ્થાપના માટે જોગવાઈ કરવા માગે છે.

- આ બિલની શરૂઆત પહેલાં <u>હિમાચલ પ્રદેશ</u> અને <u>નાગાલેન્ડ</u>ની રાજ્ય સરકારો અને તે રાજ્યોની કૌટુંબિક અદાલતો દ્વારા કરવામાં આવેલા આ કાયદા હેઠળની તમામ ક્રિયાઓને પૂર્વનિર્ધારિત રીતે માન્યતા આપવા માટે એક નવી <u>કલમ 3A</u> દાખલ કરવા માંગે છે.
- બિલ અનુસાર ફેમિલી જજની નિમણૂક અને એક્ટ હેઠળ આવા જજની પોસ્ટિંગ, બઢતી અથવા ટ્રાન્સફરના તમામ ઓર્ડર પણ બંને રાજ્યોમાં માન્ય રહેશે.

### શા માટે સુધારો કરવામાં આવ્યો ?

26 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં <u>કુલ 715 ફેમિલી કોર્ટ</u> સ્થાપિત અને કાર્યરત છે, જેમાંથી ત્રણ ફેમિલી કોર્ટ હિમાચલ પ્રદેશ રાજ્યમાં અને બે ફેમિલી કોર્ટ નાગાલેન્ડ રાજ્યમાં છે.

- જોકે કેન્દ્ર સરકાર દ્વારા <u>હિમાચલ પ્રદેશ</u> અને <u>નાગાલેન્ડ</u> માટે આ અધિનિયમ લાગુ કરવા માટે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું ન હતું.
- હિમાચલ પ્રદેશ રાજ્યમાં <u>ફેમિલી કોર્ટના અધિકારક્ષેત્રના અભાવના</u> મુદ્દાને હિમાચલ પ્રદેશની હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો છે.
- નાગાલેન્ડમાં પણ ફેમિલી કોર્ટ <u>વર્ષ 2008</u>થી કોઈપણ કાયદાકીય સત્તા વગર કાર્યરત હતી.

નોંધ : (1) <u>'ફેમિલી કોર્ટ અધિનિયમ, 1984'</u> સમાધાનને પ્રોત્સાહન આપવા, લગ્ન અને પારિવારિક બાબતો તથા સંબંધિત વિવાદોના ઝડપી સમાધાનની ખાતરી કરવા માટે કૌટુંબિક અદાલતોની સ્થાપના માટે ઘડવામાં આવ્યો હતો.

(2) <u>રાજ્ય સરકાર</u> <u>હાઈકોર્ટ</u>ની સંમતિથી <u>એક અથવા વધુ વ્યક્તિઓની</u> ફેમિલી કોર્ટના <u>જજ</u> તરીકે નિમણૂક કરી શકે છે.

1. 'વિશ્વ હેપેટાઈટિસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 26 જુલાઈ (B) 27 જુલાઈ (C) 28 જુલાઈ (D) 29 જુલાઈ (C)

2. તાજેતરમાં ભારતમાં 5 નવી રામસર સાઈટ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે ભારતમાં રામસર સાઈટની કુલ સંખ્યા કેટલી થઈ છે ? (જુલાઈ, 2022ની સ્થિતિએ)
(A) 54 (B) 52 (C) 49 (D) 48 (A)

3. તાજેતરમાં 'કરિકિલી પક્ષી અભયારણ્ય'નો રામસર સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?
(A) મધ્યપ્રદેશ (B) કેરળ (C) આંધ્રપ્રદેશ (D) તમિલનાડુ (D)

4. તાજેતરમાં 'પલ્લીકરનાઈ માર્શ રિઝર્વ ફોરેસ્ટ'નો રામસર સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?
(A) રાજસ્થાન (B) હિમાચલ પ્રદેશ (C) આંધ્રપ્રદેશ (D) તમિલનાડુ (D)

5. તાજેતરમાં 'પિચવરમ મેન્ગ્રોવ'નો રામસર સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે ................. રાજ્યના કુડ્ડાલોર જિલ્લામાં ચિદમ્બરમની નજીક સ્થિત છે.
(A) તમિલનાડુ (B) રાજસ્થાન (C) પ.બંગાળ (D) ઓડિશા (A)

6. તાજેતરમાં 'પાલા આદ્રભૂમિ'નો રામસર સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?
(A) કેરળ (B) નાગાલેન્ડ (C) ત્રિપુરા (D) હિમાચલપ્રદેશ (B)

7. તાજેતરમાં 'સાખ્યસાગર'નો રામસર સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?
(A) રાજસ્થાન (B) મધ્યપ્રદેશ (C) નાગાલેન્ડ (D) ત્રિપુરા (B)

8. તાજેતરમાં કયા ભારતીય અર્થશાસ્ત્રીની વર્લ્ડ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી ઈન્દરમીત ગિલ (B) શ્રી અનુપ શાસ્ત્રી (C) શ્રી અનુપમ સિંઘ (D) શ્રી મનન ગુપ્તા (A)

9. તાજેતરમાં લોકસભામાં 'Family Courts (Amendment) Bill, 2022'પસાર થયું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. આ બિલ હિમાચલ પ્રદેશ અને નાગાલેન્ડમાં ફેમિલી કોર્ટની સ્થાપના માટે 'Famliy Courts Act, 1984'માં સુધારો કરવા માગે છે.
2. આ બિલ હેઠળ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને કેરળમાં સ્થાપિત કુલ 321 ફેમિલી કોર્ટને રદ કરવામાં આવશે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 સાચું (B) ફક્ત 2 સાચું
(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 29 જુલાઈ, આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ (International Tiger Day)



સમગ્ર વિશ્વમાં વાઘ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 29 જુલાઈના રોજ 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2010માં રશિયાના સેન્ટ પિટર્સબર્ગ નામના શહેરમાં યોજાયેલી 'Tiger Summit'માં આ દિવસની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

### All India Tiger Estimation Report, 2018

આ અગાઉ 29 જુલાઈ, 2019ના રોજ 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' નિમિત્તે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતેથી 'All India Tiger Estimation Report, 2018' રજૂ કર્યો હતો.

- આ રિપોર્ટ અનુસાર ભારતમાં વાઘની સંખ્યા 2,967 અથવા તો 3,000 છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતના રાજ્યોમાં સૌથી વધુ વાઘ મધ્યપ્રદેશમાં છે.
- જ્યારે મધ્યપ્રદેશ બાદ કર્ણાટક બીજા અને ઉત્તરાખંડ ત્રીજા ક્રમે છે.

### ભારતના વિવિધ રાજ્યોમાં વાઘની સંખ્યા

| ક્રમ | રાજ્ય | વાઘની સંખ્યા |
|---|---|---|
| 1 | મધ્યપ્રદેશ | 526 |
| 2 | કર્ણાટક | 524 |
| 3 | ઉત્તરાખંડ | 442 |
| 4 | મહારાષ્ટ્ર | 312 |
| 5 | તમિલનાડુ | 264 |
| 6 | કેરળ, આસામ | 190 |

- ભારતમાં વર્ષ 2006, 2010 અને 2014 બાદ વર્ષ 2018માં વાઘની ચોથી વખત ગણતરી કરવામાં આવી હતી.
- જેમાં વર્ષ 2014 બાદ વાઘની સંખ્યામાં સૌથી વધુ સુધારો તમિલનાડુના સત્યમંગલમ ટાઈગર રિઝર્વમાં થયો છે.
- જ્યારે મધ્યપ્રદેશના પેંચ ટાઈગર રિઝર્વમાં વાઘોની સંખ્યા સૌથી વધુ છે.

## ભારતમાં વાઘની સંખ્યા

ભારતમાં વર્ષ 2014માં વાઘની સંખ્યા 2,226 હતી.

- જે વધીને વર્ષ 2018માં 2,967 અથવા તો અંદાજે 3,000 જેટલી થઈ ગઈ છે.
- આથી, વર્ષ 2014 બાદ ભારતમાં વાઘની સંખ્યામાં 33 ટકાનો વધારો થયો છે.

**ભારતમાં વાઘની સંખ્યા**

| ક્રમ | વર્ષ | અંદાજિત સંખ્યા |
|---|---|---|
| 1 | 2006 | 1411 |
| 2 | 2010 | 1706 |
| 3 | 2014 | 2226 |
| 4 | 2018 | 2967 અથવા 3000 |

નોંધ : (1) વર્ષ 2010માં સેંટ પિટર્સબર્ગ સંમેલનમાં 2022 સુધીમાં વાઘોની સંખ્યા બમણી કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. જે ભારતે વર્ષ 2018માં જ પૂરું કરી લીધું છે.

(2) ભારતમાં વર્ષ 2018માં વાઘની વાસ્તવિક સંખ્યા 2,603 થી 3,346 હોવાથી સંભાવના હતી. આથી અંદાજિત 3,000 સંખ્યા રજૂ કરવામાં આવી છે.

(3) કેન્દ્રીય પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી અશ્વિની કુમાર ચૌબેએ તાજેતરમાં લોકસભામાં વાઘ અંગેના આંકડા રજૂ કર્યા હતા. તેમના મતે ભારતે છેલ્લા 3 વર્ષમાં 329 વાઘ ગુમાવ્યા છે.

(4) 329 માંથી 68 વાઘ કુદરતી કારણોસર, 5 અકુદરતી કારણોસર, 29 શિકારને કારણે અને 30 પકડવાને કારણે મૃત્યુ પામ્યા હતા.

(5) સરકારી આંકડા અનુસાર છેલ્લા ત્રણ વર્ષમાં 'વાઘ હુમલા'માં 125 લોકોના મૃત્યુ થયા છે.જેમાં મહારાષ્ટ્રમાં 61 અને ઉત્તરપદેશમાં 25 લોકોના મૃત્યુ થયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Coffee Promotion Bill

તાજેતરમાં સરકારે કોફી બોર્ડની કામગીરીને આધુનિક બનાવવા, નિકાસને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક બજારના વિકાસને ટેકો આપવા માટે કોફી પ્રમોશન બિલ રજૂ કર્યુ હતું.

## નવા બિલ વિશે

તેનો ઉદ્દેશ્ય કોફી બોર્ડ ઓફ ઈન્ડિયાની કામગીરીને આધુનિક બનાવવાનો છે.

- તે કોફી બોર્ડના કેટલાક કાર્યકારી ક્ષેત્રને સંબોધશે, જેમ કે ઉત્પાદન, સંશોધન, વિસ્તરણ અને ગુણવત્તા સુધારણા, કોફીને પ્રોત્સાહન અને ઉત્પાદકોના કૌશલ્ય વિકાસ માટે સમર્થન.
- કોફી બોર્ડના આદેશમાં મૂળ રૂપે સમાવિષ્ટ ન હોય તેવી સંખ્યાબંધ પ્રવૃત્તિઓને હવે તેના કાર્યો અને સત્તાઓમાં સામેલ કરવાની જરૂર છે.

## મહત્વ

કોફી ઉદ્યોગના વિસ્તરણ સાથે કોફી મૂલ્ય સાંકળના ઉત્પાદનથી વપરાશ સુધીના તમામ ક્ષેત્રોમાં રોજગાર અને વ્યવસાય સાહસિકતાનું સર્જન થશે.

- તેમજ ગ્રાહકોને અન્ય દેશોની સરખામણીમાં ઉચ્ચ ગુણવત્તાની કોફી મળશે.
- તે બગીચા, પ્રોસેસિંગ યુનિટ અને કોફી સમુદાયોમાં કામદારોના હિતોનું પણ રક્ષણ કરશે.
- તે **Registration Cum Membership Certificate (RCMC)**ની હાલની પાંચ વર્ષની માન્યતાને વન–ટાઈમ નિકાસકાર નોંધણી સાથે બદલીને અને ડાયગ્નોસ્ટિક એકમોની વન–ટાઈમ રજિસ્ટ્રેશન સહિત દસ્તાવેજીકરણ અને પ્રક્રિયાઓનું સરળીકરણ કરીને વ્યાવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપશે.
- નોંધણીનું પ્રમાણપત્ર જારી કરવા માટે બિલમાં સમયબદ્ધ પ્રક્રિયા હશે.

## શા માટે જૂના કાયદામાં ફેરફાર કરવાની જરૂર છે ?

અગાઉનો કાયદો લગભગ 80 વર્ષ જૂનો હતો અને આજના સમયમાં અપ્રચલિત થઈ ગયો હતો.

- તેની જોગવાઈઓ સમય માટે સુસંગત હતી.
- વધુમાં હાલમાં ઘણા બિનજરૂરી નિયમો છે જે ખાસ કરીને કોફીના માર્કેટિંગને લગતા છે.
- છેલ્લા 10 વર્ષમાં કોફી ઉગાડવામાં, માર્કેટિંગ અને વપરાશની રીતમાં નોંધપાત્ર ફેરફાર થયો છે.

**નોંધ :** (1) વર્ષ 2020માં વૈશ્વિક ઉત્પાદનમાં લગભગ 3% હિસ્સો ધરાવતા ટોચના 10 કોફી ઉત્પાદક દેશોમાં ભારતનો સમાવેશ થાય છે.

(2) ભારત બે પ્રકારની કોફીનું ઉત્પાદન કરે છે : અરેબિકા અને રોબસ્ટા

(3) અરેબિકાનું બજાર મૂલ્ય તેના હળવા સુંગધિત સ્વાદને કારણે રોબસ્ટા કોફી કરતા વધારે છે.

(4) કોફી બોર્ડએ કોફી અધિનિયમ, 1942ની કલમ (4) હેઠળ રચાયેલી એક વૈધાનિક સંસ્થા છે. તે ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

# કૃષિ જનગણના (કૃષિ વસતી ગણતરી)

તાજેતરમાં કૃષિ અને ખેડૂત મંત્રાલયે ‘અગિયારમી કૃષિ વસતી ગણતરી (2021-22)’ શરૂ કરી છે.

- આ ગણતરીથી ભારત જેવા વિશાળ અને કૃષિપ્રધાન દેશને મોટો ફાયદો થશે.

## કૃષિ વસતી ગણતરી



કૃષિ વસતી ગણતરી દર 5 વર્ષે હાથ ધરવામાં આવે છે.

- આ વખતે કોવિડ– 19 મહામારીના કારણે મોડેથી હાથ ધરવામાં આવી રહી છે.
- સમગ્ર વસતી ગણતરી ત્રણ તબક્કામાં હાથ ધરવામાં આવે છે માહિતી સંગ્રહ માટેની કાર્યકારી માલિકીને સૂક્ષ્મ સ્તરે આંકડાકીય એકમ તરીકે જોવામાં આવે છે.
- ત્રણ તબક્કામાં એકત્રિત કરાયેલ કૃષિ વસતી ગણતરીના ડેટાના આધારે વિભાગ સમગ્ર ભારતને રાજ્ય /કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરે વિવિધ પરિમાણો પરના વલણોનું વિશ્લેષણ કરતા ત્રણ વિગતવાર અહેવાલો રજૂ કરે છે.
- કૃષિ વસતી ગણતરી એ પ્રમાણમાં નાના પાયે વિવિધ કૃષિ પરિમાણો પર માહિતીનો મુખ્ય સ્ત્રોત છે, જેમ કે ઓપરેશનલ હોલ્ડિંગની સંખ્યા અને વિસ્તાર, તેમનું કદ, વર્ગ–વાર વિતરણ, જમીનનો ઉપયોગ, ભાડૂત અને પાકની પટર્ન વગેરે.

## અગીયારમી કૃષિ વસતી ગણતરી

ઓગસ્ટ, 2022માં કૃષિ વસતી ગણતરીની કામગીરી શરૂ થશે.

- આ પ્રથમ વખત છે કે કૃષિ વસતી ગણતરી માટેનો ડેટા સંગ્રહ સમાર્ટફોન અને ટેબલેટ પર કરવામાં આવશે, જેથી ડેટા સમયસર ઉપલબ્ધ થઈ શકે છે.
- તેમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

(a) જમીનના ટાઈટલ રેકોર્ડ અને સર્વે રિપોર્ટ જેવા ડિજિટલ લેન્ડ રેકોર્ડનો ઉપયોગ

(b) સ્માર્ટ ફોન/ ટેબ્લેટનો ઉપયોગ કરીને એપ/ સોફટવેર દ્વારા ડેટાનો સંગ્રહ

(c) તબક્કો– 1 દરમિયાન રેકોર્ડ બિન–જમીન રેકોર્ડ વાળા રાજ્યોમાં તમામ ગામોની ગણતરી જમીન રેકોર્ડ રાજ્યોમાં કરવામાં આવી છે.

(d) પ્રગતિ અને પ્રક્રિયાનું વાસ્તવિક સમયનું નિરીક્ષણ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- મોટા ભાગના રાજ્યોએ તેમના જમીનના રેકોર્ડ અને સર્વેક્ષણને ડિજીટલાઈઝ કર્યા છે, જે કૃષિ વસતી ગણતરીના ડેટાના સંગ્રહને વધુ વેગ આપશે.
- ડિજિટલ લેન્ડ રેકોર્ડના ઉપયોગ અને ડેટા કલેકશન માટે મોબાઈલ એપના ઉપયોગથી દેશમાં ઓપરેશનલ હોલ્ડિંગનો ડેટાબેઝ બનાવવામાં આવશે.

**નોંધ :** <u>ડિજિટલ એગ્રીકલ્ચર</u> એ <u>માહિતી અને સંચાર તકનીક (ICT)</u> અને <u>ડેટા ઈકોસિસ્ટમ</u> છે. જે ખેતીને નફાકારક અને ટકાઉ બનાવવા માટે લક્ષિત માહિતી અને સેવાઓના વિકાસ અને વિતરણને સમર્થન આપે છે.



1. 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 જુલાઈ (B) 28 જુલાઈ (C) 29 જુલાઈ (D) 30 જુલાઈ **(C)**

2. વર્ષ 2018માં થયેલી વસતી ગણતરી અનુસાર ભારતમાં વાઘની સંખ્યા કેટલી હતી ?

(A) 1,967 (B) 2,967 (C) 3,967 (D) એકપણ નહીં **(B)**

3. વર્ષ 2018માં થયેલી ચોથી વાઘની ગણતરી અનુસાર ભારતના કયા રાજ્યમાં વાઘની સંખ્યા સૌથી વધારે છે ?

(A) મધ્યપ્રદેશ (B) કર્ણાટક (C) ઉત્તરાખંડ (D) મહારાષ્ટ્ર **(A)**

4. તાજેતરમાં સરકારે 'Coffee Promotion Bill' રજૂ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનો ઉદ્દેશ્ય કોફી બોર્ડ ઓફ ઈન્ડિયાની કામગીરીને આધુનિક બનાવવાનો છે.

2. તે કોફી બોર્ડના કેટલાક કાર્યકારી ક્ષેત્રને સંબોધશે, જેમ કે ઉત્પાદન, સંશોધન, વિસ્તરણ અને ગુણવત્તા સુધારણા, કોફીને પ્રોત્સાહન અને ઉત્પાદકોના વિકાસ માટે સમર્થન વગેરે.

3. આ બિલથી કોફી ઉદ્યોગના વિસ્તરણ સાથે કોફી મૂલ્ય સાંકળના ઉત્પાદનથી વપરાશ સુધીના તમામ ક્ષેત્રમાં રોજગાર અને વ્યવસાય સાહસિકતાનું સર્જન થશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

5. તાજેતરમાં કૃષિ અને ખેડૂત મંત્રાલયે કેટલામી 'કૃષિ વસતી ગણતરી (2021-22)' શરૂ કરી છે ?

(A) 11મી (B) 12મી (C) 13મી (D) 15મી **(A)**

6. કૃષિ વસતી ગણતરી દર કેટલા વર્ષે હાથ ધરવામાં આવે છે ?

(A) 2 (B) 5 (C) 10 (D) 15 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# દિવસ મહિમા : 30 જુલાઈ, (1) આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ (International Friendship Day) (2) માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ (World Day Against Trafficking in Persons)

## આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ

27 એપ્રિલ, 2011ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીમાં દર વર્ષે 30 જુલાઈના રોજ 'આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ'ની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

- જોકે, ભારત સહિત કેટલાક દેશોમાં 30 જુલાઈને બદલે અલગ–અલગ દિવસે ફ્રેન્ડશિપ ડેની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં ઓગસ્ટ મહિનાના પ્રથમ રવિવારે 'ફ્રેન્ડશિપ ડે' ઉજવાય છે.

## માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ

માનવ તસ્કરીને કારણે પીડિત વ્યક્તિઓના અધિકારોના રક્ષણ તથા એ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં 30 જુલાઈના રોજ 'માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- United Nations Office on Drugs and Crime (UNODC) દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2022ની થીમ 'Use and Abuse of Technology' છે.

# સ્વસ્થ પર્યાવરણને 'માનવ અધિકાર' તરીકે જાહેર કરવામાં આવ્યું

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)એ તાજેતરમાં એક ઠરાવ પસાર કર્યો હતો.

- જે સ્વસ્થ પર્યાવરણને 'માનવ અધિકાર' તરીકે માન્યતા આપે છે.
- ભારતે આ ઠરાવની તરફેણમાં મતદાન કર્યુ છે.

## ઠરાવ વિશે

આ ઠરાવ મુજબ સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ પર્યાવરણનો અધિકાર માનવ અધિકાર બની ગયો છે.

- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 28 જુલાઈ, 2022ના રોજ આ ઠરાવ પસાર કર્યો હતો.
- 193 સભ્યોમાંથી 161 સભ્યોએ તેની તરફેણમાં મતદાન કર્યુ હતું.
- બેલારુસ, ચીન, કંબોડિયા, રશિયા, સીરિયા, ઈથોપિયા, ઈરાન, કિર્ગીસ્તાન મતદાનથી દૂર રહ્યા હતા.
- ભારતે તરફેણમાં મતદાન કર્યુ છે. જો કે ઠરાવની પ્રક્રિયા અને સાર વિશે ચિંતિત છે.

- પૃથ્વી પરની દરેક વ્યક્તિને સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણમાં રહેવાનો અધિકાર છે.
- આ ઠરાવ સુનિશ્ચિત કરે છે કે સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ પર્યાવરણના અધિકારને પ્રોત્સાહન આપવા માટે આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય કાયદાના સિદ્ધાંતો અનુસાર બહુપક્ષીય પર્યાવરણીય કરારોના સંપૂર્ણ અમલીકરણની જરૂર છે.
- ભારત સહિત સંયુક્ત રાષ્ટ્રના સભ્યો દેશો દ્વારા અપનાવવામાં આવેલ ઘોષણા કાયદાકીય રીતે બંધનકર્તા નથી, પરંતુ તે દેશોને રાષ્ટ્રીય બંધારણો અને પ્રાદેશિક સંધિઓમાં સ્વસ્થ વાતાવરણના અધિકારોનો સમાવેશ કરવા પ્રોત્સાહિત કરશે.
- આ ઠરાવ પર્યાવરણીય અન્યાય અને સંરક્ષણ અંતર ઘટાડવામાં મદદ કરશે.

## ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX)



તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA)ના મુખ્યાલયની ઈમારતનો શિલાયન્સ કર્યો હતો.

- આ ઈમારતને એક પ્રતિષ્ઠિત માળખા તરીકે પરિકલ્પના કરવામાં આવી છે, જે GIFT-IFSCની વધતી જતી પ્રાધન્યતા અને અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર તરીકે વિસ્તરણને પ્રતિબિંબિત કરે છે.
- આ ઉપરાંત તેમણે ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX), GIFT-IFSCમાં ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ, NSE IFSC-SGX કનેક્ટ પણ લોન્ચ કર્યુ છે.

ICE INSTITUTE FOR COMPETE

### ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX)

ભારતમાં જ્વેલર્સ દ્વારા સોનાની આયાતને સરળ બનાવવા માટે પ્રથમ વખત કેન્દ્રીય બજેટ 2022માં 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ' (IIBX)ની જાહેરાત કરવામાં આવી હતી.

- આ એક એવું પ્લેટફોર્મ છે જે માત્ર જ્વેલર્સને એક્સચેન્જ વેપાર કરવા માટે નોંધણી કરતુ નથી, પરંતુ સોના અને ચાંદીના સંગ્રહ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ સ્થાપિત કરે છે.
- IIBX ભારતમાં ગોલ્ડ ફાઈનાન્સને પ્રોત્સાહન આપવા ઉપરાંત જવાબદારી અને ગુણવત્તાની ખાતરી સાથે કાર્યક્ષમ ભાવ શોધની સુવિધા આપશે.
- IFSCAને ભારતમાં લાયક જ્વેલર્સને IIBX મારફત સીધી સોનાની આયાત કરવા માટે સૂચિત કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે.

## મહત્વ

આનાથી ભારતને વૈશ્વિક બુલિયન માર્કેટમાં તેની પહોંચ સુનિશ્ચિત કરવા અને અખંડિતતા અને ગુણવત્તા સાથે વૈશ્વિક મૂલ્ય શૃંખલા બનાવવા માટે સશક્ત બનાવશે.

- IIBX વૈશ્વિક બુલિયનના ભાવને પ્રભાવિત કરવા અને ભારત સરકારની પ્રતિબદ્ધતાને ફરીથી લાગુ કરવા માટે એક મુખ્ય ગ્રાહક તરીકે ભારતને સક્ષમ બનાવશે.

## NSE- IFSC SGX કનેક્ટ

તે GIFT ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર (IFSC) અને NSEની પેટાકંપની સિંગાપોર એક્સચેન્જ લિમિટેડ (SGX) વચ્ચેનું એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે.

- કનેક્ટ હેઠળ સિંગાપોર એક્સચેન્જના સભ્યો દ્વારા નિફટી ડેરિવેટિવ્ઝ પરના તમામ ઓર્ડર્સ NSE-IFSC ઓર્ડર મેચિંગ અને ટ્રેડિંગ પ્લેટફોર્મ પર મેચ ખાશે.
- ભારત અને આંતરરાષ્ટ્રીય અધિકારક્ષેત્રોના બ્રોકર–ડીલરો કનેક્ટ દ્વારા ડેરિવેટિવ્ઝ(વ્યુત્પન્ન)ના વેપાર માટે મોટી સંખ્યામાં ભાગ લે તેવી અપેક્ષા છે.
- તે GIFT-IFSCમાં વ્યુત્પન્ન બજારોમાં તરલતાને મજબૂત બનાવતી વખતે અને નાણાકીય ઈકોસિસ્ટમ પર સકારાત્મક અસર ઊભી કરતી વખતે વધુ આંતરરાષ્ટ્રીય સહભાગીઓને આકર્ષિત કરશે.

## IFSCA

IFSCAનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી' છે.

- IFSCAની સ્થાપના એપ્રિલ, 2020માં ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી બિલ, 2019 હેઠળ કરવામાં આવી હતી.
- તેનું મુખ્ય મથક ગાંધીનગર (ગુજરાત)ના ગિફ્ટ સિટીમાં આવેલું છે.
- આ અંતર્ગત આવી તમામ નાણાકીય સેવાઓ, ઉત્પાદનો અને એકમોને IFSCમાં નિયંત્રિત કરવામાં આવશે, જેને IFSC માટે નાણાકીય ક્ષેત્રના નિયમનકારો દ્વારા પહેલેથી જ મંજૂરી આપવામાં આવી છે.
- ઓથોરિટી આવા અન્ય નાણાકીય ઉત્પાદનો, સેવાઓનું પણ નિયમન કરશે જે કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે સૂચિત કરવામાં આવશે.
- તે કેન્દ્ર સરકારને અન્ય નાણાકીય ઉત્પાદનો, નાણાકીય સેવાઓ અને નાણાકીય સંસ્થાઓની ભલામણ પણ કરી શકે છે. જેને IFCSમાં મંજૂરી આપવામાં આવી શકે છે.

નોંધ : (1) GIFT Cityનું પૂરું નામ 'Gujarat International Finance Tec-City' છે.
(2) તે ગુજરાત રાજ્યના ગાંધીનગરમાં સ્થિત છે.

1. 'આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 જુલાઈ (B) 29 જુલાઈ (C) 30 જુલાઈ (D) 31 જુલાઈ (C)

2. 'માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 જુલાઈ (B) 29 જુલાઈ (C) 30 જુલાઈ (D) 31 જુલાઈ (C)

3. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)એ એક ઠરાવ પસાર કર્યો હતો. જે સ્વસ્થ પર્યાવરણને 'માનવ અધિકાર' તરીકે માન્યતા આપે છે. આ ઠરાવ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ ઠરાવ મુજબ સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ પર્યાવરણનો અધિકાર 'માનવ અધિકાર' બની ગયો છે.

2. 193 સભ્યોમાંથી 161 સભ્યએ આ ઠરાવની તરફેણમાં મતદાન કર્યુ હતું.

3. આ ઠરાવના મતદાનમાં ભારતે ભાગ લીધો ન હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (C)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA)ના મુખ્યાલયની ઈમારતનો શિલાયન્સ કર્યો હતો ?

(A) સાયન્સ સિટી, અમદાવાદ (B) ગિફ્ટ સિટી, ગાંધીનગર

(C) ગિફ્ટ સિટી, લખનૌ (D) સાયન્સ સિટી, બેંગ્લુરુ (B)

# ONE LINER

## ગુજરાત

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાબર ડેરીના પ્રકલ્પો રાષ્ટ્રને અર્પણ કર્યા**

તાજેતરમાં સાબરકાંઠા જિલ્લાના ગઢોડા ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સાબર ડેરી પ્લાન્ટની નજીક રૂ. 600 કરોડના ખર્ચે બનનાર 30 મેટ્રીક પ્રતિદિનની કેપેસીટીના ચીઝ પ્લાન્ટનું ખાતમુહુર્ત અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જ્યારે રૂ. 125 કરોડના ખર્ચે નિર્મિત દૈનિક 3 લાખ લીટર કેપેસીટીના અલ્ટ્રા હાઈ ટ્રીટમેન્ટ (UHT) ટ્રેટાપેક પ્લાન્ટનું લોકાર્પણ તેમજ રૂ. 305 કરોડના ખર્ચે બનેલા દૈનિક 120 ટન કેપેસિટીના પાવડર પ્લાન્ટનું લોકાપર્ણ પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ હતું. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે રાજ્ય–રાષ્ટ્રના વિકાસમાં ડેરી વ્યવસાયનું અનેરૂ મહત્વ છે. રાજ્યનું ડેરી માર્કેટ 1 લાખ કરોડ પર પહોંચ્યું છે. તે આવકારદાયક છે. સાથે સાથે ડેરી વ્યવસાયમાં મહિલાઓની ભાગીદારી પણ વધી છે.

➤ **36મી નેશનલ ગેમ્સ- 2022ના લોગોનું લોન્ચિંગ**

સાત વર્ષના લાંબા અંતરાલ બાદ યોજાઈ રહેલા 36મા રાષ્ટ્રીય રમોત્સવના યજમાન બનવાનું ગુજરાતને સૌભાગ્ય મળ્યુ છે. રાજ્યમાં ખેલાડીઓ–ખેલ પ્રેમીઓ અને વિવિધ સંગઠનો સહિત નાગરિકોમાં પણ આ રમોત્સવ માટે દેશભરમાંથી ગુજરાત આવનારા ખેલાડીઓને આવકારવાનો અદમ્ય ઉત્સાહ છે. આગામી 27 સપ્ટેમ્બર થી 10 ઓક્ટોબર દરમિયાન યોજનારી 36મી નેશનલ ગેમ્સના લોગોનું લોન્ચિંગ તેમજ આ ગેમ્સના સફળ આયોજન માટે ગુજરાત સરકાર, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશન તથા ગુજરાત સ્ટેટ ઓલિમ્પિક એસોસિએશન વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી કરાર (MoU) ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ખાતે સંપન્ન થયા છે. નેશનલ ગેમ્સ 2022 ગુજરાતના 6 શહેરો ગાંધીનગર, સુરત, અમદાવાદ, રાજકોટ, વડોદરા અને ભાવનગરમાં યોજાશે. આ લોગોમાં સિંહની આકૃતિ જોવા મળે છે.

## ભારત

➤ **આંધ્રપ્રદેશનો 'ફેમિલી ડોક્ટર પ્રોજેક્ટ'**

આંધ્રપ્રદેશ રાજ્ય સરકારે વિશાખાપટ્ટનમ જિલ્લાના પદ્મનાભમ મંડળમાં પ્રયોગિક ધોરણે 'ફેમિલી ડોક્ટર પ્રોજેક્ટ' અમલમાં મુકવાનો નિર્ણય કર્યો છે. આ પ્રોજેક્ટ 15 ઓગસ્ટ, 2022થી અમલમાં આવે તેવી શક્યતા છે. આ પ્રોજેક્ટ ગ્રામીણ વસતીમાં આરોગ્ય સેવાઓ સુધારવાના ઉદ્દેશ્ય સાથે હાથ ધરવામાં આવશે. 'ફેમિલી ડોક્ટર પ્રોજેક્ટ'ના ભાગરૂપે વોર્ડ અને ગ્રામ સચિવાલયમાં લોકોની આરોગ્ય જરૂરિયાતની સંભાળ રાખવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ડોક્ટર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **UIDAI આધાર FaceRD એપ**

તાજેતરમાં યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) દ્વારા આધાર FaceRD એપનું અનાવરણ કરવામાં આવ્યું હતું. એપ આધાર ઓથેન્ટિકેશન યુઝર એજન્સીઓ (AUA)ને પ્રમાણીકરણ હેતુઓ માટે વ્યક્તિના ચહેરાને કેપ્ચર કરવાની મંજૂરી આપશે. UIDAIએ પોતે 'આધાર ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજી' વિકસાવી છે. આ એપ આધાર કાર્ડ ધારકોને ગમે ત્યારે અને ગમે ત્યાંથી વેરિફિકેશન કરવાની મંજૂરી આપશે. તે આધાર ધારકોની શારીરિક ઓળખની જરૂરિયાતને પણ દૂર કરશે. UIDAI આધાર કાર્ડ ધારકોનો બાયોમેટ્રિક ડેટા સેન્ટ્રલ આઈડેન્ટિટી ડેટા રિપોઝીટરીમાં સ્ટોર કરશે. આમ, ડેટા ખાનગી હાથમાં જશે નહીં. તેનો ઉપયોગ અન્ય એપ્સ માટે પણ આધાર ફેસ ઓથેન્ટિકેશન માટે કરી શકાય છે. લોકો UIDAI FaceRD એપ ડાઉનલોડ કરીને આધાર ફેસ ઓથેન્ટિકેશન ફીચરનો ઉપયોગ કરી શકે છે.

➤ **ઝુઓલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાએ હિમ ચિત્તા પર સર્વેક્ષણ કર્યું**

તાજેતરમાં ઝુઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI)એ હિમ ચિત્તા (Snow Leopard) પર એક સર્વેક્ષણ હાથ ધર્યો હતો. જેમાં હિમ ચિત્તો અને તેના શિકારની પ્રજાતિઓ વિશે કેટલીક રસપ્રદ માહિતી મળી છે. ZSI અભ્યાસ હિમ ચિત્તો દ્વારા વસવાટના ઉપયોગ અને તેના શિકારની પ્રજાતિઓ જેમ કે વાદળી ઘેટાં અને સાઈબેરીયન આઈબેક્સ વચ્ચેની મજબૂત કડી દર્શાવે છે. આ અભ્યાસ મુજબ જો સ્થળોનો ઉપયોગ તેની શિકારી પ્રજાતિઓ દ્વારા કરવામાં આવે તો હિમ ચિત્તો શોધવાની શક્યતા વધુ છે. હિમ ચિત્તો વૈજ્ઞાનિક રીતે પેન્થેરા અનસિયા તરીકે ઓળખાય છે. તેને IUCN રેડ લિસ્ટમાં સૂચિબદ્ધ કરવામાં આવેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **સૌભાગ્ય યોજના**

જમ્મુ અને કાશ્મીરમાં સૌભાગ્ય યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં ઘરોમાં વીજળી પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત દૂરના અને દુર્ગમ વિસ્તારોમાં જ્યાં વીજળી ઉપલબ્ધ નથી તેવા ગ્રામીણ પરિવારોને સોલાર ફોટો વોલ્ટેઈક આધારિત સ્ટેન્ડઅલોન સિસ્ટમ આપવામાં આવી છે. આ અંતર્ગત અત્યાર સુધીમાં 3.5 લાખથી વધુ ઘરોનું વીજળીકરણ કરવામાં આવ્યું છે. આઝાદીના 74 વર્ષ બાદ પ્રથમ વખત ઉધમપુર જિલ્લાના સદ્દાલ ગામ અને ડોડા જિલ્લાના ગણૌરી–તાતામાં ગ્રામીણ ઘરોને વીજળી પૂરી પાડવામાં આવી છે. 'ગ્રામ જ્યોતિદૂત', 'ઊર્જા વિસ્તાર' જેવી મોબાઈલ એપ વીજળી જોડાણો આપવા માટે તૈયાર કરવામાં આવી છે.

➤ **મહિલાઓ દ્વારા સંચાલિત સહકારી બેંક રાજસ્થાનમાં શરૂ કરવામાં આવશે.**

રાજસ્થાન સરકારે તાજેતરમાં 'રાજસ્થાન મહિલા નિધિ'નામની મહિલા–માત્ર સહકારી બેંકની સ્થાપના કરવા તેલંગાણા સરકારના સ્ત્રી નિધિ ક્રેડિટ કો–ઓપરેટિવ ફેડરેશન સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે. તે તેમના સાહસોને ટેકો આપીને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપશે. તેલંગાણા સ્ત્રી નિધિની તર્જ પર રાજસ્થાન મહિલા નિધિની સ્થાપના કરવામાં આવશે. તે રાજસ્થાનમાં મહિલાઓના સ્વ–સહાય જૂથોને તેમના સાહસો માટે સમય ધિરાણ સુવિધાઓ પૂરીપાડીને મજબૂત કરશે. તે તમામ મહિલા કર્મચારીઓ દ્વારા સંચાલિત કરવામાં આવશે. તેને ઔપચારિક બેંકિંગ સિસ્ટમ સાથે પૂરક સંસ્થા તરીકે સ્થાપિત કરવામાં આવશે.

➤ **બેંક છેતરપિંડી અને NPA અંગેનો ડેટા જાહેર કરવામાં આવ્યો**

નાણા રાજ્યમંત્રી શ્રી ભાગવત કરાડના જણાવ્યા અનુસાર છેલ્લા બે વર્ષમાં બેંક ફ્રોડ તેમજ પસંદગીની નાણાકીય સંસ્થાઓમાં સામેલ રકમમાં 8%નો ઘટાડો થયો છે. આ રકમ 2019-20માં રૂ. 32,178 કરોડથી ઘટીને 2021-22માં રૂ. 3,785 કરોડ થઈ ગઈ છે. RBIના ડેટા અનુસાર 2020-2021માં 11,800 રૂપિયાની છેતરપિંડી મળી હતી. ભારતની ગ્રોસ નોન–પર્ફોર્મિંગ એસેટ્સ ઘટીને 5.9% થઈ ગઈ છે. જે છ વર્ષમાં સૌથી ઓછો છે. જોકે NPA રેશિયો દેશોમાં સૌથી વધુ છે. રશિયા પછી ભારતમાં સૌથી વધુ NPA છે જેણે 8.3%ની બેડ લોન નોંધાવી છે. NPA એ એવી લોન છે જે ડિફોલ્ટ થાય છે એટલે કે તેની મુદ્દલ અથવા વ્યાજની ચૂકવણી 90 દિવસ સુધી ચૂકવવામાં આવી નથી. NPAનું પૂરું નામ નોન–પર્ફોર્મિંગ એસેટ છે.

➤ **BSNL અને BBNL મર્જર**

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે ભારત બ્રોડબેન્ડ નેટવર્ક લિમિટેડ (BBNL)ને ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) સાથે મર્જ કરવાની મંજૂરી આપી છે. BSNLની સંપતિની માલિકી સરકાર પાસે રહેશે. BSNL પાસે હાલમાં 6.83 લાખ કિલોમીટરથી વધુનું ઓપ્ટિકલ ફાઈબર કેબલ નેટવર્ક છે. યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ (USOF)નો ઉપયોગ કરીને ભારતની 1.85 લાખ ગ્રામ પંચાયતોમાં 67 લાખ કિલોમીટર માટે ઓપ્ટિકલ ફાઈબર નાખવામાં આવ્યું છે. જોકે BBNLનું BSNL સાથે વિલીનીકરણની જાહેરાત સૌપ્રથમ એપ્રિલ 2022માં કરવામાં આવી હતી.

## વિશ્વ

➤ **ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC)**

તાજેતરમાં પાકિસ્તાન અને ચીન કરોડો ડોલરના ચાઈના–પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC)માં જોડનાર કોઈપણ ત્રીજા દેશને આવકારવાનું નક્કી કર્યુ છે. અફઘાનિસ્તાનના સંદર્ભમાં તેમણે આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક જોડાણને મજબૂત કરવાના નવા પરિમાણોની અવગણના કરી છે. અગાઉ પાકિસ્તાને 60 બિલિયન અમેરિકન ડોલરના ચાઈના–પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC)ના બીજા તબક્કાની શરૂઆત માટે ચીન સાથે નવા કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ચાઈના–પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર એ ચીનના ઉત્તર–પશ્ચિમ શિનજિયાંગ ઉઈગુર સ્વાયત ક્ષેત્ર અને પાકિસ્તાનના પશ્ચિમી પ્રાંત બલૂચિસ્તાન ગ્વાદર બંદરને જોડતા માળખાકીય પ્રોજેક્ટનો 3000 કિમી લાંબો માર્ગ છે. તે પાકિસ્તાન અને ચીન વચ્ચેનો દ્વિપક્ષીય પ્રોજેક્ટ છે.

➤ **ICC મહિલા ODI વર્લ્ડ કપ 2025**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ અનુસાર ભારત વર્ષ 2025 માટે ICC મહિલા ODI વર્લ્ડ કપની યજમાની કરશે. કાઉન્સિલે 26 જુલાઈ, 2022ના રોજ 2024 થી 2027 દરમિયાન ICC મહિલા વિશ્વ કપની યજમાની કરવા માટે ચાર દેશોની પસંદગી કરી છે. આ દેશો ભારત બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ અને શ્રીલંકા છે. બાંગ્લાદેશ 2024માં T-20 વર્લ્ડ કપ ઈવેન્ટનું આયોજન કરશે, જ્યારે તેની 2026ની આવૃત્તિ ઈંગ્લેન્ડમાં યોજાશે. જ્યારે શ્રીલંકા વર્ષ 2027 માટે મહિલા T-20 ચેમ્પિયન ટ્રોફીની યજમાની કરશે, તે સ્પર્ધા માટે ક્વોલિફાય થશે કે કેમ તેના પર નિર્ભર રહેશે. યજમાન દેશોની પસંદગી ICC બોર્ડની સબકમિટીની દેખરેખ હેઠળ ધરવામાં આવેલી બિડિંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બેંક CDRIમાં જોડાય**

યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બેંક (EIB) તાજેતરમાં Coalition for Disaster Resilient Infrastructure (CDRI)માં જોડાઈ છે. CDRIનું નેતૃત્વ ભારત કરે છે. EIB-CDRI જોડાણનો હેતુ આબોહવા પરિવર્તનને કારણે થતા વિનાશને મર્યાદિત કરવાનો છે. EIB વિકાસશીલ અને વિકસિત દેશોમાં આબોહવા પરિવર્તન અને કુદરતી આફતો માટે સ્થિતિસ્થાપક એવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઝડપી વિકાસને બેંકો, સંયુક્ત રાષ્ટ્રની એજન્સીઓ અને ખાનગી ક્ષેત્ર સાથે કામ કરશે. તે CDRIના સભ્યોને સલાહકાર અને નાણાકીય સહાય પૂરી પાડશે. નોંધનીય છે કે યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેન્ટ એક્શન સમિટમાં ભારત દ્વારા 2019માં આપત્તિ સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગઠબંધન (CDRI) શરૂ કરવામાં આવ્યું હતું.

## ICE ? Questions

- તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાબરકાંઠા જિલ્લાના ગઢોડા ખાતે કઈ ડેરીના પ્રકલ્પો રાષ્ટ્રને અર્પણ કર્યા છે ? – સાબર ડેરી
- 36મી નેશનલ ગેમ્સનું કયા રાજ્યમાં આયોજન કરવામાં આવ્યું છે ? – ગુજરાત
- તાજેતરમાં UIDAI દ્વારા ............એપનું અનાવરણ કરવામાં આવ્યું હતું. – આધાર FaceRD
- તાજેતરમાં ચર્ચામાં રહેલો 'ફેમિલી ડોક્ટર પ્રોજેક્ટ' કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – આંધ્રપ્રદેશ
- તાજેતરમાં કોણે હિમ ચિત્તા (Snow Leopard) પર સર્વેક્ષણ કર્યુ હતું ? – ZSI
- તાજેતરમાં પાકિસ્તાન અને ચીને કરોડો ડોલરના 'CPEC'માં જોડનાર કોઈપણ ત્રીજા દેશને આવકારવાનું નક્કી કર્યુ છે. આ CPECનું પૂરું નામ જણાવો ? – ચાઈના–પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર
- તાજેતરમાં 'રાજસ્થાન મહિલા નિધિ'નામની મહિલા–માત્ર સહકારી બેંકની સ્થાપના કરવા..........રાજ્ય સરકારના સ્ત્રી નિધિ ક્રેડિટ કો–ઓપરેટિવ ફેડરેશન સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે. – તેલંગાણા
- વર્ષ 2025 માટે ICC મહિલા ODI વર્લ્ડ કપની યજમાની કયો દેશ કરશે ? – ભારત
- કઈ બેંક તાજેતરમાં CDRIમાં જોડાઈ છે ? – યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બેંક (EIB)
- જમ્મુ અને કાશ્મીરમાં કઈ યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારોના ઘરોમાં વીજળી પૂરી પાડવામાં આવી છે ? – સૌભાગ્ય યોજના
- તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે BBNLને ..........સાથે મર્જ કરવાની મંજૂરી આપી છે. – BSNL

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

1. તાજેતરમાં અમદાવાદના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે 'ગુજરાત સ્ટેટ જ્યુડિશિયલ ઓફિસર્સનું કેટલામું અધિવેશન યોજાયું હતું ? – પ્રથમ
2. ગુજરાતમાં પ્રથમ વખત 'શહેરી વિકાસ રાષ્ટ્રીય કોન્કલેવ' કયાં યોજાયો હતો ? – અમદાવાદ
(ગુજરાતમાં પ્રથમ વખત શહેરી વિકાસ રાષ્ટ્રીય કોન્કલેવ યોજાયો હતો. અમદાવાદ રીવર ફ્રન્ટ ખાતે યોજાયેલ આ કોન્કલેવનો શુભારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યો હતો.)
3. કયું રાજ્ય 'ફેમિલી ડોક્ટર' પાયલોટ પ્રોજેક્ટ સાથે સંકળાયેલ છે ? – આંધ્રપ્રદેશ
4. કયા દેશે તેનું 'વેન્ટિયન' (Wentian)નામનું સ્પેસ સ્ટેશન મોડ્યુલ સફળતાપૂર્વક લોન્ચ કર્યુ છે ? – ચીન
(ચીને તાજેતરમાં તેનું બીજુ મોડ્યુલ વેન્ટિયન તિઆગોંગ સ્પેસ સ્ટેશન સફળતાપૂર્વક લોન્ચ કર્યુ છે. વેન્ટિયન ચીનના હેનાનથી લોન્ગ માર્ચ 5B રોકેટ પર લોન્ચ કરવામાં આવ્યું હતું.)
5. ભારતના કયા રાજ્યએ ડિસ્ટ્રિક્ટ કલાઈમેન્ટ ચેન્જ મિશન (DCCM)ની સ્થાપના કરી છે ? – તમિલનાડુ
6. તાજેતરમાં IUCN દ્વારા જારિ કરાયેલ રેડ લિસ્ટમાં સ્થળાંતર કરનાર ..........પતંગિયાને લુપ્તપ્રાય જાહેર કરવામાં આવ્યું છે ? – મોનાર્ક
(તે ડેનોસ પ્લેક્સિપસ બટરફ્લાયની પ્રજાતિ છે જે અમેરિકામાં સ્થળાંતર દરમિયાન 4000 કિ.મીની મુસાફરી કરે છે.)
7. કયા રાજ્યએ તેલંગાણા સાથે તમામ મહિલા સંચાલિત સહકારી બેંકની સ્થાપના માટે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – રાજસ્થાન
8. ગુજરાતમાં યોજનારી 36મી નેશનલ ગેમ્સ 2022ના લોગોમાં કયા પ્રાણીનો સમાવેશ કરવામાં આવ્યો છે ? – સિંહ
9. વિશ્વ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે કયા ભારતીય અર્થશાસ્ત્રીની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી ઈન્દરમીત ગીલ
10. તાજેતરમાં કયા નેતાને સર વિન્સ્ટન ચર્ચિલ લીડરશીપ એવોર્ડ આપવામાં આવ્યો હતો ? – શ્રી વોલોડીમીર ઝેલેન્સકી
(બ્રિટિશ વડાપ્રધાને યુક્રેનના રાષ્ટ્રપતિ શ્રી વોલોડીમિર ઝેલેન્સકીને સર વિન્સ્ટન ચર્ચિલ લીડરશીપ એવોર્ડ અર્પણ કર્યો છે.)
11. કયા દેશે 2024 પછી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન છોડવાની જાહેરાત કરી છે ? – રશિયા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. તાજેતરના સરકારી ડેટા મુજબ ભારતમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા વાઘ માર્યા ગયા છે ? – 329

13. કઈ સંસ્થાએ નાના નિકાસકારોને ટેકો આપવા માટે ઉન્નત નિકાસ ક્રેડિટ જોખમ વીમા કવચ પ્રદાન કરવા માટે નવી યોજના શરૂ કરી છે ? – ECGC


(Export Credit Guarantee Corporation of India (ECGC)એ નાના નિકાસકારોને ટેકો આપવા માટે 90% સુધી ઉન્નત નિકાસ ક્રેડિટ જોખમ વીમા કવર પ્રદાન કરવા માટે નવી યોજના શરૂ કરી છે. આ કવર સમગ્ર ટર્નઓવર પેકેજિંગ ક્રેડિટ અને પોસ્ટ શિપમેન્ટ હેઠળ બેંકો માટે નિકાસ ક્રેડિટ વીમા હેઠળ પ્રદાન કરવામાં આવે છે.)

14. તાડોબા ટાઈગર રિઝર્વ, જેણે તાજેતરમાં 'વિશ્વ વાઘ દિવસ'ની ઉજવણીનું આયોજન કર્યું હતું. તે ભારતના કયા રાજ્યમાં આવેલું છે ? – મહારાષ્ટ્ર

15. ભારતમાં સૌપ્રથમ FIDE ચેસ ઓલિમ્પિયાડનું આયોજન કયા રાજ્યએ કર્યું હતું ? – તમિલનાડુ

16. ભારતીય નૌકાદળને તાજેતરમાં કયા દેશમાંથી બે MH-60R મલ્ટીરોલ હેલિકોપ્ટર મળ્યા છે ? – અમેરિકા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


PSI (મોડ-2) પરીક્ષામાં ઉતીર્ણ
થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...
CONGRATULATIONS
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Mahendrasinh Jadeja
Pravinbhai Jamang
Ashvingiri Goswami
Chetansinh Chudasama
Jayantilal Govani
Pratapsinh Zala
Hitendra Jamang
Subhashbhai Dangar
DilipKumar Ratnu
Kishor Parmar
Bogabhai Bharvad
Chandrasinh Jadeja
Jagendrasinh Jadeja
Bhanubhai Miyatra
www.iceonline.in
t.me/icerajkotofficial
icerajkot


અમારા ટેલિગ્રામ ચેનલમાં જોડાવા માટે
નીચે આપેલી લિંક પર ક્લીક કરો.
t.me/iceonlinerajkot
CLICK HERE

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**

joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT